R.N.I. No. 14593/1957

# પગદંડી

PAGDANDI

તંત્રીઓ : અશ્વિન માલદે ❋ ચંદ્રકાન્ત નંદુ ❋ સંજય છેડા

VOL.65 ISSUE NO. 7 - OCTOBER 2022 - 60 PAGES - RS. 15/-



Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org




WE NAVIGATE
YOUR FINANCIAL ADVENTURE
& ENSURE YOU
A SMOOTH JOURNEY OF LIFE
FROM WHERE YOU ARE
TO WHERE YOU WANT TO BE

## A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
PRIVATE LIMITED
With you, For you, Always...

Registered Office:
Gada & Haria Pvt Ltd
(formerly known as Gada & Haria Financial Planners Pvt Ltd)
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

| CA Dilip Haria | CA, CFP Rajesh Gada | CA Vipul Bheda | Vikas Vira |
|---|---|---|---|
| Village: Bada | Village: Bada | Village: Samaghoga | Village:Nagalpur |
| 98202 96135 | 98676 23250 | 98202 22750 | 98205 20268 |
| dhharia@gmail.com | rajesh@gadaharia.com | vipul@gadaharia.com | vikas@gadaharia.com |

# પગદંડી

ઑક્ટોબર ૨૦૨૨


## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રી સ્થાનેથી | | |
| RRR | સંજય વિસનજી છેડા.................... | ૫ |
| પ્રમુખશ્રીની કલમે ......................................... | ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન........... | ૧૧ |
| પગ મેં ભમરી.............................................. | લીલાધર માણેક ગડા .................. | ૧૩ |
| અતીતના ઓવારેથી (જેકબ સર્કલ ફ્રેન્ડ્સ સર્કલ) | | |
| કાલિદાસનું કામણ ........................................ | ડૉ. ગિરીશ વીછીવોરા ................. | ૧૮ |
| સાતમા ઓરડામાં મજૂસ ................................ | ડૉ. ગુલાબ દેઢિયા....................... | ૨૧ |
| વણપોંખાયેલા, દેશભક્ત કચ્છીઓની ન્યોચ્છાવરી ! - ૨ | પ્રવીણચંદ્ર શાહ........................... | ૨૪ |
| એક પત્ર - સાત દાયકા જુનું સંભારણું............... | પન્નાલાલ ખીમજી છેડા................. | ૨૮ |
| જોવા જેવું જિયાગંજ....................................... | જ્યોતિ મોતા............................. | ૩૦ |
| જિંદગી અનુભવોનું પુસ્તક.............................. | શિલ્પા સમીર વોરા...................... | ૩૫ |
| **Our Declining Population - A Concern** ....... | Dr. Hiren Sudha Sunderji Gala | ૩૭ |
| સાહિત્ય અમૃત ............................................. | આલેખન : ચંદ્રકાન્ત નંદુ ............. | ૪૦ |
| સાથ.................................................... | રાજુલ પિયૂષ દેઢિયા.................... | ૪૫ |
| પગદંડીને પત્ર | | |
| 'હાફ-ફૂલમાં ટચૂકડી ખોવાઈ જાય છે'..... | વસંતલાલ ગડા .......................... | ૪૬ |
| પ્રતિભાવ - પ્રતિસાદ | | |
| પગદંડી સપ્ટેમ્બર ૨૦૨૨ અંક.................. | લહેરી શાહ................................. | ૪૭ |
| પૅનલનું દુષણ......................................... | બાબુલાલ વેરશી હરિયા................. | ૪૮ |
| ઉર્મિલહર.................................................... | સંપાદન : વિશન નાગડા.............. | ૪૯ |
| વિદેશ જતા વિદ્યાર્થીઓ .................................. | ............................................... | ૫૨ |
| સાંત્વન...................................................... | ............................................... | ૫૬ |


**પગદંડી કાર્યાલય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**


Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai -400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

"આજે લગ્નમાં શું જમવાનું હશે ?"
એ ઉત્સુકતાનો અંત આવે
જ્યારે મહેમાન
**ગાલા કેટરર્સ** નો ટેગ જોયે
"જે હશે બધુ ભાવતું જ હશે !"

અમે કાઠીયાવાડી, ગુજરાતી, કચ્છી, પંજાબી, સાઉથ ઈન્ડીયન તેમજ કોન્ટીનેન્ટલમાં થાઈ, મેક્સીકન, ઈટાલીયન અને ચાયનીઝ, પ્યોર વેજેટેરીયન વાનગીઓ પિરસીએ છીએ.



આજકાલનો નવો ટ્રેન્ડ
## ડેસ્ટીનેશન વેડિંગ
આપના પ્રસંગોને બનાવો યાદગાર.
૨૦૦ થી ૨૫૦૦ કેપેસીટીના ભારતનાં કોઈપણ સ્થળે હોટેલ, રિસોર્ટ, તથા કલબમાં સંગીત સંધ્યા, મહેંદી રસમ, સમુર્તા, લગ્ન, રીસીપ્શન એરેંજ કરી, વિવિધ વાનગી પિરસી પ્રસંગને યાદગાર બનાવશું

## કાર્પોરેટર સેમીનાર, એકઝીબીશન માટે
૧૦,૦૦૦ થી વધુ મેહમાનોને કેટરીંગ સર્વિસ આપવા સક્ષમ

Some of our Corporate Clients:
RELIANCE INDUSTRIES LTD, PARLE AGRO PVT.LTD
THE PHOENIX MILLS LTD., ACHARYA PRODUCTS
CAMBRIDGE SHIRTS, GODAVARI PAINTS MAYKA GROUP,
JUST IN TIME, GANGAR EYENATION ETC.



Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

પ્રવીણ ગાલા : 9892183338

૫, નટરાજ બિલ્ડીંગ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (સે.રેલ્વે), મુંબઈ-૧૯. ફોન: ૨૪૦૨ ૫૩૧૬, ૨૪૦૧ ૩૫૪૭
E: galacaterers@gmail.com, ksevasamaj@gmail.com • W: www.galacaterers.in

Google

અતુલ ગાલા : 9322221205 • રાજેશ ગાલા : 9820032010 • નિમેશ ગાલા : 9322226085
રોહિત ગાલા : 9820099251 • ચિરાગ ગાલા : 9702029280 • જયમેશ છેડા : 9819818170

# તંત્રીસ્થાનેથી

## R R R

શીર્ષક જોઈને ઘણાને એવું થયું હશે કે એસ. એસ. રાજામૌલીની તાજેતરમાં રજૂ થયેલી ફિલ્મ RRR વિષે કોઈ લેખ હશે. ''ના''. એવું નથી. RRR ફિલ્મ તો ભવ્ય છે, પણ એના વિષે ફરી ક્યારેક વાત કરીશું. આજનો આ લેખ છે, કોઈ જુદી વાત પર.

હજી ગઈકાલે જ એક કંપનીના નવા સાહસ માટે બાન્દ્રા બીકેસી ખાતે જીઓ કન્વેન્શન સેન્ટરમાં ગયો હતો. સવાસોથી વધારે સૂટ-બૂટમાં સજ્જ, એકદમ ખાસ-મ–ખાસ આમંત્રિતો. કાર્યક્રમ દરમ્યાન દરેક ગોળ ટેબલ પર ચાર-પાંચ આમંત્રિતો. દરેક ટેબલ પર દસથી પંદર પાણીની બૉટલો. કાર્યક્રમ દરમ્યાન કોઈએ એક બૉટલ ખોલી, થોડું પાણી પીધું, વળી ઊઠીને ક્યાંક બહાર જઈને પાછા આવી, પોતાની બૉટલ કઈ છે, એ ધ્યાન ન રહેવાથી, ફરી બીજી બૉટલ ખોલી. (પાણીનો જે વેડફાટ થયો, એ વિષે તો ફરી ક્યારેક ''જલ હે તો કલ હૈ''માં કરીશું) આજે તો વાત કરવી છે, દરેક ટેબલ પર જે રીતે પ્લાસ્ટિકના ઉપયોગથી જે કચરો ઉત્પન્ન થયો એની.

સૂટ, બૂટમાં સજ્જ એવા આટલા મોટા શ્રોતાગણે જે રીતે પર્યાવરણને માત્ર બે કલાકમાં નુકસાન પહોંચાડ્યું, એની સામે ગ્રામીણ લોકોનો વેસ્ટ જનરેશન કંઈ નહીં. આમ પણ ભારતની દૃષ્ટિએ કે વિશ્વસ્તરે, છેલ્લા કેટલાય દાયકાઓમાં જેટલા પણ અભ્યાસ થયા છે, એમાં એક વાત સામે આવી છે કે કચરો ઉત્પન્ન કરવાની બાબતે શહેરો અને ગામડાંઓની કોઈ તુલના જ નથી. ૨૦૨૦ના એક અભ્યાસ પ્રમાણે સિક્કિમના રોજના ૮૯ ટનના કચરા સામે મહારાષ્ટ્રમાં રોજ બાવીસ હજાર મેટ્રિક ટન કચરો ઉત્પન્ન થયો. આટલા વિશાળ ફરક વિષે આપણે શું વાત કરી શકીએ, (હા. વસ્તીનો ફરક એક કારણ હશે.) પણ વસ્તીથી વધારે મોટાં કારણ છે, આધુનિકતા, શહેરીકરણ, કન્સ્યુમરીસમ અને શિક્ષણ વધુ હોવા છતાં જાગૃતિનો અભાવ.

આ કચરો તો ઉત્પન્ન થઈ જાય છે, પણ આપણી પાસે આ કચરાને જમા કરવાની કોઈ યોગ્ય સિસ્ટમ નથી. લોકોએ ઉત્પન્ન કરેલો કચરાના કલેક્શનમાં અમદાવાદ જેવા શહેરમાં ૯૫ ટકા કચરો યોગ્ય રીતે ભેગો થાય છે એની સામે દિલ્હી જેવા શહેરમાં માંડ ચાળીસ ટકા જેટલો વેસ્ટેજ પાછો ભેગો કરી શકાય છે.

એક અંદાજ પ્રમાણે ૨૦૨૧માં રોજના પોણા ત્રણ લાખ ટન કચરાના ઉત્પાદન સામે ૨૦૩૧માં સાડા ચાર લાખ ટન અને ૨૦૫૦માં લગભગ બાર લાખ ટનનો રોજનો કચરો ઉત્પન્ન થશે. જો આજે આપણે નહીં જાગીએ તો ૨૦૫૦માં આપણે તો નહીં હોઈએ, પણ આપણાં સંતાનો માટે અને એમનાં સંતાનો માટે આપણે શું મૂકી જઈશું ? ટનના હિસાબે કચરો, જમીનનું, પાણીનું, હવાનું પ્રદૂષણ. ક્યાંક તો થોભીએ.

અને હા, આ સમસ્યા મ્યુનિસિપાલિટીની છે, સ્થાનિક સરકારની છે, ઉત્પાદન કરતા એકમોની છે, એમ કહી છટકી જવાનો પ્રયત્ન નહીં કરતાં. મ્યુનિસિપાલિટી, સ્થાનિક સરકાર આપણે ચૂંટીએ છીએ. આ ઉત્પાદન એકમો બધું બનાવે છે, કારણકે આપણે એ ખરીદીએ છીએ.

આ કચરો ઓછો કેવી રીતે કરી શકીએ એની વાત કરતાં પહેલાં, આ કચરાના ઢગનાં પરિણામો સમજી લઈએ. ક્યા પ્રકારના કચરાને સંપૂર્ણપણે નષ્ટ થતાં કે ડીગ્રેડ થતાં કેટલાં વર્ષ લાગે છે, એ વિષેના આંકડા આપી આ લેખને વધુ કંટાળાજનક નથી કરવો. બસ આ કચરાની સમસ્યાનાં પરિણામો સમજી લઈએ.

૧. ચોમાસામાં ગટરો ઉભરાવાના, નાળાં છલકાવા માટે સૌથી મોટું કારણ એટલે કચરાના નિકાલ કરવા પ્રત્યેની આપણી બેજવાબદારી.

૨. ઘન કચરાના નિકાલ માટે આપણે સૌએ, આપણી સરકારે જે રીતે લૅન્ડફિલનો ઉપયોગ કર્યો છે, એના ફળસ્વરૂપે સમુદ્રની સપાટી ભયજનક રીતે વધતી રહી જઈ છે અને ખાસ તો મુંબઈ જેવા સમુદ્રકિનારે વસેલા, સમુદ્રની લેવલ પર આવેલા આ સાત ટાપુના સમૂહ માટે આસાર સારા નથી.

૩. વધતા કચરા, એના બેજવાબદારીભર્યા નિકાલથી પર્યાવરણને જે નુકસાન થઈ રહ્યું છે એનો કોઈ અંદાજ પણ નથી. વારંવાર લૅન્ડફિલમાં લાગતી આગ, વગેરેથી અન્ય જીવોને, વાતાવરણને જે નુકસાન થયું છે, એની પણ કોઈ ગણતરી નથી. વળી કોરોનાકાળ પછી આખા વિશ્વમાં વધી રહેલો હાનિકારક મેડિકલ વેસ્ટ, વળી એક અલગ જ સમસ્યા છે.

૪. ઓઝોનનું પાતળું થતું રક્ષાકવચ, વધતી જતી ગરમી, ઉકળાટ, બફારો, ક્યાંક પૂર તો ક્યાંક દુકાળ. દિવાળી પછી પણ ચાલુ રહેતો કમોસમી વરસાદ, દુબઈ જેવા દેશમાં હિમવર્ષા, એન્ટાર્કટિકા અને આર્ક્ટિક જેવા પ્રદેશોમાં ઘટતી હિમશિલાઓ. આ બધા પાછળ સમગ્ર આધુનિક વિશ્વની પર્યાવરણ પ્રત્યેની બેજવાબદારી સિવાય બીજું કોઈ કારણ નથી.

૫. હજી વિશ્વભરની સંસ્થાઓએ અવકાશમાં છોડેલા સેટેલાઈટ જ્યારે બંધ પડશે ત્યારે આવનારા દાયકાઓમાં અવકાશમાં વધનારા ભંગાર વિષે તો કોઈ વિચારી જ નથી રહ્યું.

કંઈક અંદાજો આવ્યો કે આ કેટલી વિકરાળ સમસ્યા છે, પણ આ ગોલિયાથ સામે આપણે તો ડેવિડ જેવા. આપણે શું કરી શકવાના. બસ અહીંથી શરૂ થાય છે વાત RRRની.

**Recycle નષ્ટ કરીને ફરી ઉત્પાદન કરી વાપરો**

- જે પણ વસ્તુ રિસાઈકલ થઈ શકે, એને રિસાઈકલ કરો. સ્કૂલમાં ઘણા વિષય, એમ લાગતું કે જીવનમાં કંઈ જ કામ નહીં આવે, પણ હેન્ડિક્રાફ્ટમાં શીખેલું ''વેસ્ટમાંથી બેસ્ટ'' સાચે જ અહીં કામ આવી શકે, જેમ કે જૂના પેપર, પૂઠાં, વગેરેને ભીનાં કરી એના લોંદામાંથી ફ્લૉવર પોટ, વગેરે. કારના જૂના ટાયરમાં ફૂલ, છોડનાં કૂંડા, જૂની સીડી, કૅસેટમાંથી શો પીસ. લિસ્ટ લાંબું છે, એટલે અહીં જ અટકીએ.

- સરકારના પ્રયત્નોથી જે વસ્તુ રિસાઈકલ થઈ શકે, એના પર એના વેસ્ટ કલેક્શનની કિંમત પણ લખેલી હોય છે. લોકોને આ બાબતે જાગૃત કરીએ, તો લોકો એવી વસ્તુઓને યોગ્ય રીતે ડિસ્પોઝ કરશે. (બીજી વાર જ્યારે પ્લાસ્ટિકની બૉટલ હાથમાં આવે તો એના પર એને રિસાઈકલ માટે ખરીદવાની કિંમત જરૂર વાંચજો.)

- કમનસીબે, ઈશ્વરનાં દરેક સર્જનની સામે આ કાળા માથાના માનવીનાં બધાં જ સર્જન પ્રકૃતિ માટે હાનિકારક છે. ઈશ્વરનું દરેક સર્જન જોઈ લો. હવા, પાણી, લાકડું,ધાતુઓ, ખુદ માનવી સુધ્ધાં, બધુ જ રિસાઈકલ થઈ જાય છે. ઈશ્વરનાં બધાં સર્જન કાં તો પૂરી રીતે નષ્ટ થઈ શકે છે અથવા તો ફરી રિસાઈકલ થઈ શકે છે. બસ માનવીનાં સર્જન જ સૃષ્ટિ માટે માથાનો દુખાવો છે.

**Reuse - ફરીથી વાપરો**

- વસ્તુઓને રિસાઈકલ કરવાની એક મર્યાદા છે અને ઘણીખરી વસ્તુઓ રિસાઈકલ નથી થઈ શકતી. તો પછી બીજો પર્યાય છે- Reuse.

- સોપારી, વરિયાળી,એલચી, પીપરમિંટ, ખાવાના તેલ, શેમ્પૂથી માંડીને ટૂથપેસ્ટ, પાઉડર, દવાઓ, સિરપ, ક્રીમ, પાણીની બાટલીઓ, વગેરેનાં નાનાંનાનાં પૅકિંગના થોડાઘણા આર્થિક ફાયદા હશે, પણ સામે પર્યાવરણ માટે આ બધું, આપણી સમસ્યાને કેટલી વિકરાળ બનાવી રહ્યું છે, એનો એક અંદાજ લેવો હોય તો આપણી કચ્છ એક્સપ્રેસની સફર જ્યાં પૂરી થાય એ સ્ટેશન, એટલે કે બ્રાંદ્રા કે ભુજ પર જ્યારે ડબ્બાઓ ખાલી થાય ત્યારે જે કચરો ભેગો થાય એ જોઈ લેજો. (પાણીની બૉટલો, કાગળના ગ્લાસ, માઉથ ફ્રેશનરના પાઉચ, ઠંડાં પીણાંની બૉટલો કે ટીન, પેપર ડિશો, ટિસ્યૂ અને *એવું કેટલુંય જે આપણે ઈચ્છીએ તો થોડું ઓછું કરી શકીએ)*

- ઘરેથી કાપડની થેલી લઈને નીકળો અને દુકાનવાળાને પ્લાસ્ટિક કે પેપર કે અન્ય કોઈ પણ જાતની થેલીની ના પાડો. (જો ગજવામાં ૩૦૦ ગ્રામનો મોબાઈલ અને ૫૦૦ ગ્રામની પાવર બૅંક રાખી શકતા હો તો કાપડની એક થેલી તો રાખી જ શકો.)

- જ્યારે પણ કોઈ નવી વસ્તુ ખરીદવા જાવ ત્યારે વિચારો કે જૂની વસ્તુનો શું ઉપયોગ થઈ શકશે. એનો બીજો કોઈ ઉપયોગ થઈ શકશે.

- ઘણી વાર કપડાં, ઇલેક્ટ્રોનિક, પુસ્તકો, સ્ટેશનરી, વગેરે, આપણી પાસે હોવા છતાં નવા લેવાં પડે તો જૂની વસ્તુનો કોઈ ઉપયોગ કરો. ન કરી શકો તો જે એ વસ્તુ વાપરી શકે. એને આપી દો. વિદેશમાં ઘણાં શહેરોમાં એવી જગ્યાઓ હોય છે, જ્યાં લોકો પોતાને કામની ન હોય એવી વસ્તુઓ મૂકી જાય અને જેમને એની જરૂર હોય, એ ત્યાંથી લઈ જાય.

- હા, કપડાંની બાબતમાં તો આપણે આ બાબતે વર્લ્ડ રેકોર્ડ તોડી શકીએ. કપડાંની એક જોડી પહેલા સારા પ્રસંગ માટે, પછી ઓફિસ માટે, પછી ઘરે પહેરવા માટે, પછી નાઈટ ડ્રેસ તરીકે, પછી વાસણ લૂછવામાં અને છેલ્લે પોતા તરીકે. (બસ આવી જ આદત, એ દરેક વસ્તુમાં કરવાની જરૂર છે, જે વેસ્ટ જનરેશનમાં આપણા માટે સમસ્યા બની શકે).

**Reduce - ઉપયોગ ઘટાડો**

- મૂળ સ્લોગન તો Reduce, Reuse, Recycle છે, પણ મારા મતે Recycle, Reuse, Reduce વધુ યોગ્ય સિક્વન્સ છે. Recycle કે Reuse પણ જ્યારે કામ ન આવે ત્યારે છેલ્લો ઉપાય છે Reduce.

- જ્યાં ચોખ્ખાઈ સાથે વિકલ્પ હોય ત્યાં પાણીની બૉટલને, પાઉચને બદલે ગ્લાસમાં પાણી પીવો (પ્લાસ્ટિક કે પેપરના ગ્લાસ નહીં હોં).

- સ્ટ્રોને બદલે ગ્લાસ, પેપર પ્લેટને બદલે ડિશ કે થાળી, પેપર ગ્લાસને બદલે કાચ કે સ્ટીલના ગ્લાસ, ડિસ્પોસેબલ ચમચીઓને બદલે સ્ટીલની ચમચીઓ, ટિસ્યૂને બદલે કાપડના રૂમાલ. બધું પહેલાં વાપર્યું જ છે, પણ વાસણ ધોવા ન પડે એ માટે ''યુસ ઍન્ડ થ્રો'' ના કલ્ચરે પર્યાવરણનો દાટ વાળ્યો છે. (જ્યાં પણ વિકલ્પ હોય અને અન્ય કોઈ કારણ ન હોય, પર્યાવરણ માથે આપણી સગવડતાનો બોજ ઘટાડવાનો પ્રયત્ન કરીએ).

- ટૂથપેસ્ટ, શૅમ્પૂ, પાઉડર, ક્રીમ વગેરે આપણા ઉપયોગ પ્રમાણે મોટી પેકિંગ લઈએ અને નાના પાઉચ, સેચેટ કલ્ચરને ઓછું કરીએ. બોર્નવિટા, ચા, વગેરેના પાઉચ લઈને પહેલાંની લીધેલ બરણીમાં ભરીએ અને દર વખતે નવા પ્લાસ્ટિક, વગેરેના જાર ખરીદીને પ્રકૃતિ પર ભાર ના વધારીએ.

- ઠંડાં પીણાં, અન્ય પીણાં વગેરે માટે બને તો કાચની બૉટલનો ઉપયોગ કરી, ટીન, પ્લાસ્ટિક બૉટલનો ઉપયોગ ઓછો કરીએ. ઘરેથી નીકળો ત્યારે પાણીની બૉટલ કે થરમૉસ સાથે રાખો. (પૈસા અને હેલ્થ બન્ને બચશે એ બોનસમાં).
- સ્થાનિક દુકાનવાળા, ફેરીવાળા પાસેથી ખરીદી કરો. (એક નાનકડી વસ્તુ લોકલથી ખરીદો અને એ જ વસ્તુ કોઈ ઇ-કોમ સાઇટ પરથી મંગાવો અને બન્ને વચ્ચે પૅકેજિંગ પર થતા બૉક્સીસ, પેપર, ટેપ્સ અને થેલીઓ, વગેરેના બગાડની સરખામણી કરી લો).
- આખી દુનિયા ડિજિટલ થઈ રહી છે, પેપરલેસ થઈ રહી છે, ત્યારે પેપર વગેરેનો ઉપયોગ ઓછો કરો. ATM વગેરેમાં કોઈ વ્યવહાર કરો, ત્યારે પેપર સ્લિપનો ઉપયોગ ટાળો.
- ટેલિફોન, ઈલેક્ટ્રિક, ગેસ, મોબાઈલ વગરેના દર મહિને આવતા બિલો હાર્ડ કોપીમાં મંગાવવાને બદલે ઈમેઈલમાં સોફ્ટ કોપીમાં મંગાવો. (ટેલિફોન કે ગેસ કે મોબાઈલના એક બિલ પાછળ થતો કાગળ, પરબીડિયા, વગેરેના બગાડ વિષે વિચારી જુઓ.)
- બૅટરી સેલ વગેરે, શક્ય હોય ત્યાં સુધી રિચાર્જેબલ જ વાપરો અને સાદા સેલ વગેરે જેવો હાનિકારક વેસ્ટ ઓછો કરો.
- જેનો એક વાર જ ઉપયોગ થઈ શકે, એવી દરેક વસ્તુનો ઉપયોગ ઓછો કરો. શક્ય હોય તો એ માટે બાધા લો, અન્યો પાસે પણ લેવડાવો.
- મિત્રો, હવે આ વાત માત્ર ''તમને શું પરવડી કે ન પરવડી શકે'' એની નથી. આ વાત છે, ''આપણાને શું ન પરવડી શકે. આ દુનિયાને શું ન પરવડી શકે''. બસ એચલું વિચારીને દરેક વસ્તુનો બગાડ ઓછો કરો, ઉપયોગ ઓછો કરો. (દૂરપયોગ ઓછો કરો). પછી એ કાગળ હોય, પ્લાસ્ટિક હોય, વિજળી હોય કે કોઈ પણ અન્ય ઉર્જા શ્રોત.

નહાવા માટે દોઢસો લિટરનું બાથટબ ભરવું, તમને પરવડી શકે, પણ આ સૃષ્ટિને નહીં. શું તમને ખબર છે કે એક સામાન્ય કોટન શર્ટને માટે જોઈતું કપાસ, દોરા બટન વગેરે પાછળ કેટલું પાણી વપરાતું હશે.

અધધધ ૨૭૦૦ લિટર

આજે જ તમારો વૉર્ડરોબ જોઈ લો અને પછી મારે કહેવાની જરૂર નહીં પડે, તમે જાતે જ બોલી ઊઠશો.

***RRR***
***Recycle, Reuse, Reduce***

સંજય વિસનજી છેડા
મો.: ૯૮૯૨૮૧૫૩૬૭

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦ ૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

# પ્રમુખશ્રીની કલમે

✳ ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન ✳

## શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - અમૃત મહોત્સવ

સમગ્ર ભારતવાસીએ આ વર્ષે ૧૫ ઑગસ્ટના આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીમાં કાર્યરત થઈ ઉજવણી કરી.

૧૯૪૭ની ઑગસ્ટમાં ભારતે આઝાદી મેળવી એ જ મહિનામાં આપણી જ્ઞાતિ માટે પરમપૂજ્ય વેલજીબાપા અને અન્ય સાથીદારોએ શ્રી ક.વી.ઓ. સેવા સમાજની સ્થાપના કરી અને આજે આપણે સૌની પોતીકી એવી આ સંસ્થા શ્રી ક.વી.ઓ. સેવા સમાજ સમાજ સેવાનાં સાતત્યભર્યાં ૭૫ વર્ષ પૂર્ણ કરી અમૃત મહોત્સવ ઊજવી રહી છે. ત્યારે સર્વે જ્ઞાતિજનોને સમાજની આ શિરમોર સંસ્થા તરફથી સ્નેહસભર શુભેચ્છાઓ.

૭૫ વર્ષ પહેલાં આપણો સમાજ મુંબઈ અને કચ્છ વચ્ચે વહેંચાયેલો હતો. પુરુષ વર્ગ નોકરી - ધંધા માટે મુંબઈમાં અને અન્ય કુટુંબીજનો કચ્છમાં કાર્યરત હતા. શિક્ષણની જરૂરિયાતની જાણ ધીરેધીરે થતી હતી. અને આવા વખતે સમાજમાં વૈચારિક - સામાજિક અને શૈક્ષણિક જાગૃતિ લાવવા સ્થાપેલ શ્રી ક.વી.ઓ. સેવા સમાજે કરેલ કામો એ ઉત્ક્રાંતિનો જીવતો જાગતો દસ્તાવેજ છે.

સેવા સમાજે શરૂઆતનાં વર્ષોમાં સામાજિક જાગૃતિ માટે કરેલ કેટલાંક પાયાનાં કામો સમય જતા પ્રગતિશીલ સમાજના નિર્માણમાં પાયાના પથ્થરો જેટલા ઉપયોગી થયાં છે. સાદાઈભર્યાં લગ્ન અથવા મર્યાદિત સંખ્યામાં લગ્ન માટેની ઝુંબેશ આજે આપણને સ્વમાન લગ્નમાં જોવા મળે છે.

સમય અનુસાર સેવા સમાજ દ્વારા જ્ઞાતિના ઉત્થાન માટે અનેક વિવિધ પ્રવૃતિઓ ખુબજ સાતત્યપૂર્વક કરેલ છે.

આ બધી સમાજઉત્થાન માટેની પ્રવૃત્તિઓ પાછળ પોતાની આગવી કોઠાસૂઝ સાથે કર્તવ્યનિષ્ઠ અને વચનબદ્ધતા સાથેના કાર્યકરો અને અધિકારીઓ હોવા એ સેવા સમાજનું સૌથી મોટું

જમા પાસું છે. સેવા સમાજમાં સામાન્ય વૉલિન્ટિયર અથવા બુક બૅન્કના કાર્યકર્તા તરીકે જોડાયેલ અનેક વ્યક્તિઓ આજે સમાજની વિવિધ સંસ્થાઓમાં કાર્યરત છે.

સેવા સમાજની સર્વે પ્રવૃત્તિઓ સમાજના તમામ વર્ગને સાથે લઈ વિકાસ તરફ દોરી જતી રહે છે અને સમાજના દરેક વર્ગના લોકોના સ્નેહ અને સહકારે અમારી સફળતામાં સિંહફાળો ધરાવેલ છે.

ક.વી.ઓ. સેવા સમાજની સમગ્ર પ્રવૃત્તીઓ ધબકતી રાખવા ૧૯૭૨માં શ્રી કચ્છી વીસા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન તરફથી નૂતન નિર્મિત મહાજનવાડી (ચીંચબંદર)માં કાર્યાલય માટે વિશાળ જગ્યા ફાળવી એ સેવા સમાજના વિકાસ માટે TURNING POINT સાબિત થયેલ છે.

શ્રી કચ્છી વીસા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન અને શ્રી કચ્છી વીસા ઓસવાળ સ્થાનકવાસી જૈન મહાજન જેવી આપણા સમાજની સૌથી મોભી સંસ્થાઓ તરફથી સેવા સમાજની પ્રવૃત્તિઓ માટે હરહંમેશ સકારાત્મક ફાળો અને સ્નેહસભર વ્યવહાર રહે છે.

શ્રી હીરજી ભોજરાજ ઍન્ડ સન્સ, ક.વી.ઓ. જૈન છાત્રાલય (માટુંગા બોર્ડિંગ) અને સમાજની અનેક સ્થાનિક સંસ્થાઓ સેવા સમાજની પ્રવૃત્તિઓ માટે પિયરનું સ્થાન ધરાવે છે.

સેવા સમાજની અવિરત ચાલતી અને હરહંમેશ વિસ્તાર પામતી અગણિત પ્રવૃત્તિઓ ફક્ત અને ફક્ત સમાજના ઉદારદિલ દાનવીરોના સાથ અને સહકારથી જ સંભવ બને છે. એવા સર્વેને મારા નમસ્કાર.

આ બધી પ્રવૃત્તિઓના સુચારુ સંચાલન માટે સેવા સમાજના કાર્યાલયમાં કાર્યરત સ્ટાફનો ફાળો ખૂબ જ મોટો છે અને એ માટે તેઓ અભિનંદનના અધિકારી છે.

સમગ્ર સેવા સમાજની આ બધિ પ્રવૃત્તિઓ માટે સેવાસમાજની ચુંટાયેલ કારોબારી સભ્યો અધિકારીઓ સાથે સેંકડો કાર્યકરો સેવાનો ભેખ લઈ રાત-દિવસ જોયા વગર કાર્ય કરે છે એ બદલ સેવા સમાજ ગર્વ અનુભવે છે.

આ લખાણ ફક્ત સમાજ વિકાસનાં કાર્યો માટે અમારા વડીલોએ કરેલ પ્રયાસોની ઝાંખી છે. આપણે સૌએ આ વિકાસકાર્યને વધુ વિસ્તૃત કરવાનો સતત પ્રયાસ કરવાનો છે અને એ અંગેની ચર્ચા આગામી અંકમાં કરવાનો વિચાર છે.

મો. : ૯૩૨૨૯ ૫૫૮૮૦

# પગ મેં ભમરી

✲ લીલાધર માણેક ગડા-અધા ✲

## અતીતના ઓવારેથી (જેકબ સર્કલ ફ્રેન્ડ્સ સર્કલ)

મારો પ્રાથમિક અભ્યાસ (૪ ધોરણ સુધીનો) ભોજાય-કચ્છમાં પૂરો કરી હું ૧૯૪૮માં મુંબઈ આવ્યો. અમારા પરિવારનું નિવાસસ્થાન હતું રહીમ બિલ્ડિંગ, હેન્સ રોડ (બાપુરાવ જગતાપ માર્ગ), સાત રસ્તા (જેકબ સર્કલ) મુંબઈ-૧૧. રહીમ બિલ્ડિંગ આમ હીરેવારી ચાલ તરીકે ઓળખાતું. રહેવાનું હતું ચાલી સિસ્ટમમાં. ચાલીમાં વીસ રૂમો હતી અને એક જ માળ હતો. દરેક રૂમની સાઈઝ હતી ૨૦X૧૦ થી ૨૦X૧૨ એટલે ૨૦૦ થી ૨૪૦ સ્કે. ફૂટ અને દરેક રૂમમાં ૭ જણાથી ૧૨ જણનો પરિવાર રહે. રૂમમાં રસોડું, બેડરૂમ, દીવાનખાનું, બાથરૂમ બધું જ આવી જાય. ટૉઈલેટ કોમન અને તે પણ નીચે કંપાઉન્ડમાં. રહેઠાણનાં રૂમની નીચે દુકાનો હતી. અમારી પણ એક દુકાન હતી. પુરુષ વર્ગ નહાવા માટે કોમન નળનો વપરાશ કરે.

દરેક ઘરનો નિયમ હતો કે પુરુષ વર્ગે સવારનાં બધાં પ્રાતઃકાર્યો પતાવી લેવાનાં અને ઘર અથવા રૂમ મહિલા વર્ગ માટે સવારના સાડા સાત પછી સાડા નવ સુધી અનામત રાખવો. રાત્રે સાડા આઠ વાગે પુરુષ વર્ગ નીચે દુકાનમાં કે પછી ફૂટપાથ પર નિદ્રાધીન થવા રૂમ ખાલી કરે. આમ ગણો તો દરેક વ્યક્તિને સરેરાશ વીસથી પચીસ સ્કે. ફૂટ જેટલી જગ્યા મળતી હોય, પરંતુ એ સંકડાશમાં પણ મન અને હૃદયની મોકળાશ મુક્તભાવે માણતા હતા. લગભગ બધા સંયુક્ત પરિવારો હતા. બે-ત્રણ ભાઈઓ વચ્ચે દુકાન હોય અને સારી તક મળે ત્યારે એક ભાઈ છૂટો થઈ જુદી દુકાન શરૂ કરે જ્યાં જૂના ભાગીદારીનો પણ ભાગ હિસ્સો હોય. પરિવારના ભાઈઓના મુંબઈ કચ્છ રહેવાના વારા હોય અને એ પ્રમાણે કોઈ પણ પૂર્વશરત વગર ગોઠવાઈ જતું. દુકાનના લેખીત ભાગીદાર ખતો (પાર્ટનરશિપ ડીડ) ભાગ્યે જ હોય. બધી મૌખિક સમજણ હતી અને એ ગોઠવણી બહુ વ્યવસ્થિતપણે ચાલતી, કોઈ પણ વરવાંધા (Disputes)નું સમાધાન ઘરમેળે જ થઈ જતું. જરૂર પડે તો ગામના મહાજનના પ્રતિષ્ઠિત વ્યક્તિ અથવા બજારના પટેલની લવાદી સર્વમાન્ય રહેતી.

કોઈ પણ પરિવારના સારા-નરસા પ્રસંગે બજાર અને ચાલીના સૌ લોકો સ્વેચ્છાએ જોડાતા. પરિવારને ખબર ન પડે એ રીતે

પ્રસંગો ઉકેલાઈ જતા. ચાલીના કોઈ પણ એક ઘરે બહારગામથી આવેલા મહેમાનો દરેક ઘરના મહેમાનો બની જતા. ચાલીમાં કોઈ પણ ઘરનો લગ્નોત્સવ સમગ્ર ચાલી માટે ઉત્સવ બની જતો. જેમના ઘરે લગ્નોત્સવ હોય તેમને ત્યાં બહારગામથી પાંચ-સાત દિવસ માટે આવેલા મહેમાનો ચાલીના બાકીનાં ઘરોના અતિથિ બની જતા. કોઈ પણ ઘર કોઈ પણ પ્રકારની સંકડાશ અનુભવતો નહીં. એવી મોકળાશ આજે બે કે ત્રણ બેડરૂમનાં ફ્લૅટમાં પણ મળતી નથી. લગ્નના જમણનો બધો ભાર બજારના ભાઈઓ ઉપાડી લેતા. ત્યારે કેટરર્સનો વ્યવસાય શરૂ થયો ન હતો. આવી ચાલી સિસ્ટમમાં ઊછર્યા, ભણ્યા, મોટા થયા, લગ્ન કર્યાં અને ૧૯૪૮ થી ૧૯૬૮ પૂરા વીસ વર્ષ આનંદથી વિતાવ્યાં, ચાલીથી બહાર પગ મૂકીએ એટલે બજાર અને દરેક લત્તાની સરહદ આકરણી સ્વયંભૂ થઈ ગઈ હતી. અમારે ત્યાં સાત રસ્તા, આગ્રીપાડા, મેલપાડા, ભાયખલા, બકરાઅડ્ડા જેવી બજારો હતી. દરેક બજારના પટેલ માટે ચૂંટણી નહોતી થતી, પેનલો નહોતી બનતી. જે તે બજારનો વગદાર, હોશિયાર, ડહાપણ અને સૂઝબૂઝ ધરાવનાર વ્યક્તિ બજારના પટેલનું આસન શોભાવતો.

મસ્જિદ બંદર, ભાતબજાર, સેન્ડહર્સ્ટ રોડમાં કેન્દ્રિત થયેલી આપણા સમાજની વસતિએ મધ્ય રેલવેના ઘાટકોપર અને પશ્ચિમ રેલવેના અંધેરી સુધી ઠીકઠીક પ્રમાણમાં પગરણ કર્યાં હતાં. છૂટક દાણાની દુકાનો લત્તેલત્તે આપણા ભાઈઓએ ઊભી કરી હતી. ઈતર સમાજોમાં આપણી ઓળખ વાની, બનિયા અથવા દાણાવાળા તરીકે હતી. અનાજની હોલસેલ બજાર તો પહેલેથી જ આપણા હાથમાં હતી. ૧૯૫૬ (આમચી-તુમચીનાં તોફાનો) પછી આપણા ભાઈઓ ધીરેધીરે અન્ય વ્યવસાયો (રીટેલ અને હોલસેલ) તરફ ઝૂક્યા. મુંબઈનાં દૂરનાં વધુ સલામત પરાંઓ તરફ પણ ધ્યાન કેન્દ્રિત કર્યું.

અનાજના હોલસેલ વેપારીઓ વખારવાળા કે પેઢીવાળા તરીકે ઓળખાતા અને એમના સુપુત્રો આઠ ધોરણથી મેટ્રિક સુધીનો અભ્યાસ કરી પેઢી સંભાળવા બેસી જતા. છૂટક દુકાનદારનો દીકરો મેટ્રિક પછી પહેલી પસંદગી સાયન્સને આપતો. ત્યાર પછી કૉમર્સ અને છેલ્લે આટ્ર્સ. ત્યારે મેટ્રિક પછી આજના જેવી વિવિધ પસંદગીના વિષયો ન હતા. દુકાનદારનો મોટો દીકરો દુકાન સંભાળે અને બીજા દીકરાઓ ભણે એવો સિલસિલો હતો. બોર્ડિંગમાં ભણનારા વિદ્યાર્થીઓ માટે કૉલેજ અથવા નોકરી એ બે જ પર્યાયો હતો. આઝાદી પછી શિક્ષણનો વ્યાપ વધ્યો, પરંતુ ૧૯૫૦ પછી એનું મહત્ત્વ વધતું ગયું અને સમાજને એનાં મીઠાં ફળો ચાખવા મળ્યાં. ચાલી સિસ્ટમ સમાજને ફાવી ગઈ હતી. પરોપકારના

સદ્‌ગુણો, પડોશી ધર્મ, પરોણાગતી ઈત્યાદિનાં પાઠો અહીં શીખવા મળતા. દરેક લત્તામાં વિદ્યાર્થીઓ માટે રાત્રીવાચન-અભ્યાસ માટે સ્વયંભૂ અલાયદી વ્યવસ્થા થઈ જતી. લગભગ દરેક પરિવારો રાત્રે સાડા નવ સુધીમાં નિદ્રાધીન થઈ જતા, કારણકે સવારે ૫.૦૦ વાગે દુકાન ખોલવી પડતી હતી. દરેક લત્તામાં બે-ચાર પરિવારો પાસે બે ખોલીઓ–રૂમો હતી. અથવા તો ચાલીના છેડાની રૂમો હતી એટલે સાહજિક રીતે એક નાનકડી વધારાની રૂમ મળી જતી અને જેનો ઉપયોગ રાત્રીવાચન માટે થતો. સિનિયર વિદ્યાર્થીઓ જુનિયર વિદ્યાર્થીઓને ભણાવતા જેને ટ્યૂશન જેવું કહી શકાય. સમાજનો મધ્યમ વર્ગ ૧૯૪૮થી ૧૯૭૫ લગભગ ૨૫ વર્ષ સુધી આવી અગવડોને સગવડોમાં ફેરવી ભણ્યો છે. સાથેસાથે માટુંગા બોર્ડિંગ અને સર્વોદય કેન્દ્રનો હિસ્સો પણ લાજવાબ છે.

અમારો વસવાટ સાત રસ્તા ઉર્ફે જેકબ સર્કલ. સાત રસ્તામાં વસ્તી પંચરંગી હતી. સાત રસ્તામાં મુખ્ય ચાર રસ્તાઓ વચ્ચે એક સર્કલ ચાર રસ્તાઓનું આઠમાં વિભાજન કરે. આઠ પૈકી એક રસ્તા પર રેલવે પુલ (મહાલક્ષ્મી રેલવે સ્ટેશન પર) બંધાઈ ગયો એટલે બાકી રસ્તાઓ સાત રહ્યા તે પરથી એ વિસ્તાર સાત રસ્તા તરીકે જાણીતો થયો. અહીં યહૂદીઓની વસતિ ગણનાપાત્ર હતી. યહૂદી જેકબના નામ પરથી એ વિસ્તારનું અંગ્રેજી નામ જેકબ સર્કલ પડ્યું. જેકબ સર્કલની દક્ષિણ તરફથી મદનપુરા, આગ્રીપાડાનો મુસ્લીમ વિસ્તાર અને દક્ષિણ તરફ શાંતિનગર, ડીલાઈલ રોડ, લાલબાગનો હિંદુ વિસ્તાર પડતો. ચિંચપોકલી અને બકરાઅડ્ડામાં ગુજરાતી મેઘવાળોની પણ નોંધપાત્ર વસતિ અને એ લોકો મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં સફાઈ કામદારો હતા. સાત રસ્તાનો ધોબીઘાટ મુંબઈની લોન્ડ્રી હતી. તદુપરાંત ભેંસોના તબેલાઓ હતા અને આ વ્યવસાય ઉત્તર પ્રદેશના વતનીઓ પાસે હતો જેમની ઓળખ ભૈયાજીઓ તરીકેની હતી. આગ્રીપાડા અને મદનપુરામાં બહુમતી મુસલમાનોની અને તેઓ લગભગ બધા કારીગરો હતા. આગ્રીપાડા અને સાથેનો વિસ્તાર ઘાસબજાર પંજાબી અને શીખોની બહુમતી ધરાવતો હતો. મરાઠી ભાઈઓની બહુમતી મિલકામદારોની હતી. આપણા સમાજના ભાઈઓ દુકાનદાર હતા. પાંચેક દુકાનો કાપડની, એક સ્ટેશનરીની અને બાકીની બધી દાણાની દુકાનો હતી. દરેક દુકાનદાર વ્યાજવટાવનો ધંધો કરતો અને વ્યાજ પણ ૧૨૦ ટકા જેટલું તગડું લેવાતું હતું. ત્રણ-ચાર પરિવારો સાધનસંપન્ન હતા. શેષ પરિવારો મધ્યમ વર્ગના હતા. સોએક ક.વી.ઓ. જૈન પરિવારો સાથે બે વાગડ અને દશ હાલારી જૈન પરિવારો વચ્ચે સંપ એક જ પરિવારનો સભ્યો જેવો હતો. દરેક પરિવાર એકબીજાનાં

સુખ-દુઃખના સાથી હતા. સાત રસ્તા મુંબઈના મધ્યમ અને ગરીબ વર્ગ તથા મહાલક્ષ્મી, વૉર્ડન રોડ, જેવા સંપન્ન વર્ગ વચ્ચેનું કેન્દ્રબિંદુ હતું. પ્રસિદ્ધ ગુજરાતી વાર્તાકાર શ્રી ચુનીલાલ મડિયાએ જેકબ સર્કલ - સાત રસ્તા નામે લઘુનવલ લખી છે.

અમારા સાત રસ્તા વિસ્તારે શિક્ષણમાં સારી પ્રગતિ કરી હતી. ૧૯૪૫ પછી શિક્ષણની ભૂખ જાગૃત થઈ. ૧૯૫૦માં સાત રસ્તાનાં બે વિદ્યાર્થીઓ અનુસ્નાતક થયા અને બે જુદા જુદા ક્ષેત્રે સમાજમાં સૌપ્રથમ હોવાની સિદ્ધિ હાંસલ કરી. ગામ રાયણના રવજી વીજપાર ગાલાના સુપુત્ર દેવચંદભાઈ સમાજના પ્રથમ ચાર્ટડ એકાઉન્ટન્ટ (C.A.) બન્યા અને ગામ ભોજાયનાં ઉમરસી કાંથડ ગડાના સુપુત્ર ડૉ. ભાણજી ઉમરસી ગડાએ L.C.P.Sના અભ્યાસ પછી D.O.M.S.ની ડિગ્રી હાંસલ કરી સમાજના સૌ પ્રથમ આંખના સર્જન થયા. તેમણે બન્નેએ સાથે મળી જેકબ સર્કલ ફ્રેન્ડ્સ સર્કલની સ્થાપના કરી. સભ્યપદની ફી નહીં પણ સભ્ય થવા માટે મેટ્રિક થવું જરૂરી હતી. જેકબ સર્કલ ફ્રેન્ડ્સ સર્કલનો વિસ્તાર સાત રસ્તા પૂરતો મર્યાદિત ન હતો. એનાં જ્યુરિડિકશનમાં આગ્રીપાડા, ભાયખલા, લાલબાગ અને ડીલાઈલ રોડ આવરી લેવાયા હતા. જેકબ સર્કલ ફ્રેન્ડ્સ સર્કલનું કોઈ લેખીત બંધારણ ન હતું. પ્રમુખ, સેક્રેટરી જેવા હોદ્દાઓ ન હતા, કોઈ કારોબારી ન હતી એટલે ચૂંટણી પણ નહોતી થતી. ઉદ્દેશો હતા કે શિક્ષણને ઉત્તેજન આપવું, સમાજ સુધારાને સ્વીકારવા અને શિક્ષણમાં તરક્કી કરનાર વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવું. સમાજમાં સૌપ્રથમનો ચીલો જેકબ સર્કલ ફ્રેન્ડ્સ સર્કલની બે વ્યક્તિઓએ આગળ ધપાવ્યો.

ગામ રામાણિયાના પ્રાગજી વેલજી રાંભિયા (શાહ) આપણા સમાજમાં પહેલા ટૅક્સ્ટાઈલ એન્જિનિયર બન્યા. મુંબઈની વિખ્યાત ટૅક્સ્ટાઈલ મિલોમાં ફરજ બજાવ્યા પછી તેઓ મફતલાલ ગ્રુપની નવસારીની કાપડની મિલના જનરલ મૅનેજર તરીકે નિવૃત્ત થયા. તેઓએ આટલી મોટી પોસ્ટનો ક્યારેય પણ આર્થિક ઉપાર્જન માટે ગેરઉપયોગ નહોતો કર્યો જેની નોંધ મફતલાલ ગ્રુપના ડિરેક્ટરોએ લીધી છે. ગામ રાયણના ડૉ. અમરચંદ રતનશી ગાલા એમ.બી.બી.એસ. થયા પછી પબ્લિક હેલ્થમાં ડિપ્લોમાની ડિગ્રી મેળવી અને આવી ડીગ્રી મેળવનાર તેઓ સમાજનાં સૌ પ્રથમ ડૉક્ટર હતા. ડૉ. અમરચંદ ગાલા મુંબઈથી કચ્છ સ્થાયી થયા. તેઓની કચ્છ જિલ્લાનાં ડિસ્ટ્રિક્ટ હેલ્થ ઑફીસર (D.H.O) તરીકે નિમણૂક થઈ અને એ જ પદથી

રીટાયર્ડ થયા. તેમો શિસ્તના આગ્રહી અને પ્રામાણિક ઑફિસર તરીકે છાપ મુક્તા ગયા. પ્રાગજી વેલજી શાહ મારુ હોસ્પિટલનાં ચૅરમૅન હતા.

જેકબ સર્કલ ફ્રેન્ડ્સ સર્કલના ત્યારના (૧૯૫૦ થી ૬૫) સભ્યોમાં ચાર ડૉક્ટરો, ચાર વકીલો, ચાર ઈજનેરો હતા. ચાર ડૉક્ટરો ડૉ. ભાણજી ઉમરસી ગડા (ભોજાય), ડૉ. ભવાનજી મેઘજી ગાલા (રાયણ), ડૉ. અરમચંદ રતનશી ગાલા (રાયણ) અને ડૉ. મેઘજી નરસી ગોસર (દેવપુર) અને સાથેસાથે અન્ય ત્રણ જણ મેડિકલ કૉલેજના વિદ્યાર્થીઓ હતા. જેકબ સર્કલ-સાત રસ્તાનાં ઇજનેર થયેલા બે મિત્રોનાં નામ મને યાદ છે, ગામ રાયણના વીશનજી ઉર્ફે વસંત રવજી ગાલા અને મંજલ રેલડિયાનાં જયંત પાસવીર ગડા જ્યારે અન્ય બે ઈજનેરોનાં નામો યાદદાસ્તમાંથી નીકળી ગયા છે.

અમારા સાત રસ્તા મિત્રવર્તુળમાં ચાર વકીલો હતા જે પૈકી ત્રણ નામોનો ઉલ્લેખ અહીં કરું છું. આ નામો છે ગામ રાયણના નેમચંદ મેઘજી ગાલા, ગામ નાગલપરના સુરજી શિવજી શાહ અને મંજલ રેલડિયાનાં નરેંદ્ર લીલાધર ગડા. જેકબ સર્કલ ફ્રેન્ડ્સ સર્કલના હયાત સભ્યોમાંથી સૌથી સિનિયર હયાત સભ્ય છે નરેંદ્ર લીલાધર ગડા જેમણે આયખાની નવ સદી પૂર્ણ કરી દશમી સદીમાં પ્રવેશ કર્યો છે.

જેકબ સર્કલ ફ્રેન્ડ્સ સર્કલના સભ્યો ત્યારના સમયકાળથી આગળ હતા. સામાજિક સુધારાઓ સાહજિક રીતે અપનાવ્યા હતા. બે સભ્યોએ પુનર્લગ્નને સ્વીકાર્યાં હતાં, જ્યારે બે જણાએ આંતરજ્ઞાતીય લગ્નો કર્યાં હતાં. આ ઘટનાઓ આજથી ૬૫-૭૦ વર્ષ પહેલાંની છે. સેવા સમાજ સાથે સાત રસ્તા મિત્રવર્તુળ સારી રીતે સંકળાયેલ હતું. મારી યાદદાસ્ત પ્રમાણે બે વ્યક્તિઓએ સેવા સમાજનાં અધિકારીપદો ભોગવ્યાં હતાં. પગદંડીનું તંત્રીપદ ત્રણ વ્યક્તિઓએ સ્વીકાર્યું હતું.... ગામ લાયજાના મેઘજી રામજી ગાલા, ગામ રાયણના નેમચંદ મેઘજી ગાલા અને ભોજાયના લીલાધર માણેક ગડા.

તાજેતરમાં જેકબ સર્કલ ફ્રેન્ડ્સ સર્કલની ૧૯૫૮માં વસઈ ફોર્ટમાં પિકનિક ગઈ હતી જેનો ફોટો મોબાઈલ પર આવ્યો. જૂની સ્મૃતિઓ સળવળી ઊઠી અને એને પ્રતાપે પગમેં ભમરીનું આલેખન થયું છે.

ગામ : ભોજાય

મો.: ૯૮૭૯૫૦૬૦૫૯

# કાલિદાસનું કામણ

ડૉ. ગિરીશ વીછીવોરા

આ કાલિદાસ પણ કમાલ છે. ગઈકાલથી મસ્તકે બિરાજ્યો છે કે ઊતરતો જ નથી. પાલિતાણાના સિદ્ધગિરિ ડુંગર પર યાત્રા કરવા વહેલા ઊપડ્યા ને વહેલું આરોહણ શરૂ કર્યું એમાં એનું શું બગડી ગયું તે જ ન સમજાયું. ડુંગર પર થોડુંક ચડ્યા કે વહેલી સવારની ઓસ ને ધુમ્મસ પાલિતાણા નગર અને આજુબાજુના પરિવેશને પોતાનામાં લપેટી બેઠાં હતાં. એ માણતા ક્યાંક ખોવાઈ જવાયું, ઊભા રહી જવાયું ને કંઈક વદી જવાયું એમાં એટલો તે શો મોટો ગુના કર્યો કે એ કાંધે ચડી બેઠો? યાત્રામાં સારો સંગાથ એ સોનામાં સુગંધ જેવું, અહીં ફક્ત સંગાથ નો'તો, સંયોગ પણ હતો.

ડુંગર ચડતા ને ઊતરતી વખતે કાલિદાસ ચૂપ રહે તો એનું કુળ લજવાય. પર્વતોનું સાંનિધ્ય એને અતિપ્રિય એ જગજાણીતી વાત છે. ગિરિમાળાનું જ ખાતું ખોલ્યું. હિમાલયથી શરૂ કરી હિંદુસ્તાનનો કોઈ શૃંગ ન છોડ્યો કહે આ બાજુ આવવાનું ઓછું જ થાય છે, તેમાં પણ આબુ કે ગિરનાર ઠીક, બાકીના બધા નામના જ પર્વત. વનરાઈ વગરનો ડુંગર ને સલિલ વગરની સરિતા બન્ને નકામા. શેત્રુંજય પર્વતની વનરાઈ તે એની કુંજગલીઓમાં વારિધરની સંતાકૂકડીની વાત એણે લંબાણથી કરી. છેવટે વદ્યો ''તે હી નો દિવસા ગતા'' કાલિદાસે જોરથી ડૂસકું ભર્યું જે હલબલાવી ગયું.

કાલિદાસ એટલો હેવાયો થયો એમાં ભૂલ મારી જ. સાવ કાચી વયે મેઘદૂતમ્ વાંચતાં વાંચતાં - કંઠસ્થ કરતાં કાલિદાસ પર વહેમ ગયો કે આ માણસ બંડલ મારે છે ને ફક્ત વાણીવિલાસમાં રાચે છે! શાળાના એ દિવસો, મુગ્ધાવસ્થા પણ ખરી. પેલો યક્ષ વાદળાંને કાકલૂદીઓ કરે, તું અહીં જજે, તહીં જજે, અમુકતમુક એંધાણીઓ યાદ રાખવાનું કહે, ત્યાં તું ફલાણાને મળજે ને ઢીકણા સાથે વાતો કરજે એવું બધું વાંચી, મનમાં વિચાર્યું કે આ માણસ શેખી કરે છે તો એમાં મારો શો ગુનો? કાલિદાસ કવિકુલાચારમાં જ રાચે છે એટલું જ મનમાં ન ઠસ્યું, એ અતિશયોક્તિ શિરોમણિ પણ છે એવું વર્તાયું. એણે જ વાદળાંને કૃષ્ણના વર્ણચોર નથી કહ્યા? મારું મન એ કળી ગયો. એણે મનમાં ગાંઠ વાળી. ઠીક છે બેટમજી, હું તને જોઈ લઈશ.

કાલિદાસે પહેલે પડકાર્યો કાશ્મીરમાં. બનિહાલ બોગદામાંથી અમારી બસે કાશ્મીર ખીણમાં પગ મૂક્યો કે કાંધે ચડી બેઠો. સ્વર્ગીય વાતાવરણ, તડકા-છાંયડાની સંતાકૂકડી. થોડાં વારિધર વૃક્ષોની ઘટામાં ઘૂમરકીઓ મારે. થોડાક નજદીકના પહાડ પર થાક ખાય,

ક્યારેક અમારી બસને ઘેરી વળે ને દૂરનાં ગિરિશૃંગો પર પડ્યાં-પાથર્યાં જ દેખાય. નીચે ઝરણાં ખળખળાટ કરે તે પેલા મદમસ્ત કાળા યમ જેવા મેઘદૂતો સાંભળે, ક્યારેક ઝડપથી ધસમસતાં ઝરણાંમાંથી નાના ધોધ રચાય ને એમાંથી ઊડતી ઝીણી જળકણિકાઓનો સાવ નીચે મદમસ્ત ગજરાજ જેવાં ઊભેલાં કાળા ભમ્મર વાદળાં સાથે સંગમ થાય! ઊગમ-સ્થાનની પાતળી સોહામણી સર્પ સમી સલિલ વહાવતા નટખટ વિતસ્તા પર દૃષ્ટિપાત કરતો હતો કે જોરથી એણે મારો ખભો હલાવ્યો ને તંદ્રામાંથી જગાડ્યો. ધડ દઈને વઘો જોયું આ દૃશ્ય. મેઘદૂતમ્ બાબતમેં હવે શેખી કરતો નહિ. મારા સૌંદર્યપાનમાં એને દખલ કરતો કેમ સહી શકું ? ઉપાલંભ કર્યો ને તાત્પૂરતો ટાળ્યો.

એમ હાર માને એ બીજા, કાલિદાસ નહિ. થોડાં વર્ષો બાદ ખરેખર વાદળાં પર સવાર થયો. અમારું વિમાન જૂનું ખખડધજ ડાકોય. વર્ષાઋતુ પુરબહારમાં. થોડી વાર વાદળાં નીચે, ક્યારેક ઉપર, ક્યારેક વચ્ચે! વાદળાં- વિમાનની સંતાકૂકડી માણતો હતો ને ગભરાતો પણ હતો. થયું વાદળાં વિમાનને ઓહિયાં તો નહિ કરી જાય ને! ત્યાં તો વળી પાછો એ ફૂટી નીકળ્યો. કહે, હિમગિરિનાં શૃંગ ને એના પર આળોટતા સલિલસભર બલાહક, એમને ઢંઢોળતો ને આરામમાં ખલેલ પહોંચાડતો મરુત, છંછડાયેલા મેઘ મદમસ્ત હાથીની જેમ કિકિયારીઓ પાડતા ઊપડી જતા ને ભાગતા ભાગતા હાલકડોલક થતા. વર્ષાનો છંટકાવ કરતા વાંચ્યા છે ને! સાવ નજદીકથી આ ગાંડાતુર વાદળને આંખો ખોલી જો. ચેતવણી આપી, ખબરદાર, હવે ક્યારેય મને ઉતારી પાડવા પ્રયત્ન કર્યો છે તો તારી ખેર નથી. મોતના ભયથી ભયભીત થયેલા મને એની ચેતવણી દાઝ્યા પર ડામ જેવી લાગી. જરાક છાસિયું કરી બોલ્યા તમે કવિઓ ખરેખર ચકમ આ તે કંઈ આવી વાત કરવાનું ટાણું છે! કાલિદાસ છોભીલો પડ્યો ને ગયો. એનું મુખારવિંદ કહી રહ્યું હતું કે, બેટમજી તને બરાબર પાઠ ભણાવીશ.

પછી તો હંમેશનું થઈ ગયું. મેં નમતું જોખ્યું. હવે વિમાન ઊપડે કે શ્રીમતીજી આંખો મીંચી તંદ્રામાં પડી જાય ને કાલિદસ મારું મનોહરણ કરે.

એકવાર વિમાન મુંબઈ પહોંચવાની તૈયારીમાં હતું. બારીમાંથી બહાર જોયુ તો છૂટાછવાયાં નાનાં કપાસનાં પુમડાં જેવાં વાદળિયા ને નીચે હારબંધ સફેદ મીઠાના અગર. એમની સમાંતર, સપ્રમાણ ને સુંદર પાળ! વાહ, આ તો છાતીના ઍક્સ-રેમાં દેખાતી પાંસળીઓ ને વચ્ચે ટી.બી.નાં છાંટણાં. મારું ડૉક્ટરી જ્ઞાન પોકારી ઊઠ્યું. કાલિદાસને એટલું જ જોઈતું હતું. ધડ કરતાંકને એણે મારી બોચી પકડી. બહુ મોટો ડૉક્ટર જોયો. ખબરદાર, વિમાનમાં હું જ તારો સાથી ને કવિતા તારી સંગાથી. બીજા વાનરવેડા નહિ ચાલે.

ભૂતકાળમાં સરી ગયો. કાલિદાસને વાગોળતો રહ્યો. રૂપાની થંટડી જેવા

ઍર-હોસ્ટેસનો અવાજ ફ્રેંચ ભાષામાં કહી રહ્યો. હતો કે અમારું વિમાન પૅરિસના ઉરલી ઍરપૉર્ટ પર ઊતરવાની તૈયારીમાં હતું. બારી બહાર જોયું. વહેલી સવારનો આછો પ્રકાશ, થોડાં સોનેરી કિનારવાળાં વાદળ, નીચે અત્ર, તત્ર સર્વત્ર લીલી ઘાસની જાજમ, એમાં અહીં-તહીં રમતાં સાપોલિયા જેવાં રમતિયાળ ઝરણાં ને ખેતર. કાલિદાસે જ યાદ દેવડાવ્યું. પેલું નાનકડું કાળું વાદળું, એની પર પડતો તડકો ને ઝરણાંને જો. યાદ કર પાતળો એક શેર મોતીની માળા જેવો ચંબલ નદીનો પ્રવાહ ને વચમાં થયેલું નાનું ખાબોચિયું. વિભાકરે પોતાના પ્રકાશ વડે એ ખાબોચિયાને હારને છેડે લટકતા મોટા પેડન્ટ જેવો બનાવી દીધો છે! મારા તો છક્કા જ છૂટી ગયા. કાલિદાસ પોતાનો રુઆબ પૂરો કરે ત્યાં તો વિમાન ફ્રાન્સની ભૂમિને અડી ચૂક્યું હતું.

ન્યૂયૉર્કની ભાગોળ શરૂ થઈ કે એ પાછો સતેજ થઈ ગયો. કહે, નીચે જો, અહીં પાનખર ઋતુ ચાલે છે. બોખાં કાળાં થડ ને ડાળીવાળાં વૃક્ષો હેઠળ પીળાં પર્ણના ઢગલા, ચડાવ-ઢોળાવવાળી, પીળા ઘાસમંડિત જમીન ને વચ્ચે દેખાતું થોડુંક ઊપસેલું ગ્રાસરહિત ગોળાર્ધ ને એની વચ્ચે નાનકડો ઊભો પથ્થર. યાદ કર પેલું પયોધર ને એનું નીપલ. તમે લોકોએ મને આ ઉપમા માટે કેટલો વગોવ્યો છે! એટલે જ તને ખાસ બતાવું છું. ચેતવ્યો, હવે આવા વાનરવેડા નહિ ચાલે. નાયગરાના ધોધના વિપુલ જળરાશિ ને એમાંથી ઉડતી ધુમ્રશેર જોઈ વધ્યા, આપણે હિમાલયમાં પહોંચ્યા!

લોસ એન્જેલીસ જતાં રાત હતી. ડેટ્રોઈટમાં બહુ રખડેલા એટલે થયું, કાલિદાસ થાકીને સૂઈ ગયો હશે. મને તો ઊંઘ આવે જ નહીં. બારીમાંથી બહાર જોયું. અંધારી રાતે ટમટમતા દીવડા કોઈ ગામ પરથી વિમાન પસાર થઈ રહ્યું હતું તે કહી રહ્યા હતા. એક સરસ આગબોટની કલ્પના આવી. સ્નેહરશ્મિનું હાઈકુ પણ યાદ આવ્યું.

રાત અંધારી,<br>
તેજ તરાપે તરે,<br>
નગરી નાની.

કાલિદાસ સફાળો ઊઠ્યો. ઉપાલંભ કરી બોલ્યો, આ હાઈકુ ને એવું જ કાકાસાહેબ કાલેલકર 'રખડવાનો આનંદ' માં લખી ગયા છે. 'એસ મસ મોટું જહાજ લંગર નાખી પડ્યું હોય' - બધું જાણું. મૂળમાં મારો મેઘદૂત જ પડ્યો છે. રામગિરિથી હિમગિરિ તરફ જતાં એણે એ બધું જોયું છે ને કહ્યું છે. તને કેટલી વાર ટપારવો પડશે? સાનમાં સમજી જા. મેં હાર કબૂલી.

એકાએક લાગેલા ધક્કાથી જાગી ઊઠ્યો. અમારું વિમાન લોસ એન્જેલીસના સ્થાનિક જોન વેન ઓરેન્જ કાઉન્ટી ઍરપૉર્ટની ઉતરાણ પટ્ટી પર દોડતાંદોડતાં ઝડપથી ઝડપ ઘટાડી રહ્યું હતું. એકાએક એક ગર્જના સંભળાઈ. એ વિમાનચાલકે વિમાનને મારેલી બ્રેકની હતી કે કાલિદાસે મેઘદૂત પર સવાર થઈ પાછા હિમગિરિ તરફ પ્રયાણ કર્યું તેની હતી તે નક્કી ન કરી શક્યો.

*(સદ્‌ગત લિખીત સાહિત્ય-સંચયમાંથી સાભાર)*

# સાતમા ઓરડામાં મજૂસ

**ડૉ. ગુલાબ દેઢિયા**

ભીડમાં ખોવાઈ જવાનું કેટલું સહેલું હોય છે! અથવા એમ પણ કહી શકાય કે કોઈને ભીડમાં ખોવાઈ જતાં જોવાનું કેટલું કઠણ હોય છે! લોકોની અને સમયની ભીડમાં મળવાનું અને છૂટા પડવાનું, ફરી મળવાનું અથવા ફરી ન મળવાનું બન્યા કરે છે.

કોઈ વ્યક્તિને પહેલી વાર મળીએ. શબ્દોથી થોડી અને થોડી મૌનથી વાતની અરુણાઈ ફૂટે. સમંદર પી ગયેલી આંખો જ ઘણું કહી દે. છતાં કાનને તો શબ્દો સાંભળવાની જ આદત. કાનને ઝટ ધરવ ન થાય. અલપઝલપ મળ્યા અને પાછા ઘોંઘાટમાં ભળી ગયા.

જુદાંજુદાં સ્થળોને હું ત્યાંનાં વાતાવરણ, ઘર, વૃક્ષ અને પડછાયાથી ઓળખું છું એ રીતે યાદ રાખું છું. હા, કોઈકોઈ સ્થળો તો ગંધથી પણ મનમાં બેઠાં છે. આ બધા ઉપરાંત જુદીજુદી જગાઓ ત્યાં વસવાટ કરતી આત્મીય વ્યક્તિઓથી જાણું છું. એ સ્થળ યાદ આવતાં વ્યક્તિ યાદ આવે અને વ્યક્તિનું સ્મરણ થતાં ત્યાનું વાતાવરણ સામે આવીને ઊભું રહે.

થોડીક વાર તો સંગ મનને ભર્યુંભર્યું કરી દે. શ્રાવણ મહિનામાં સીમમાં ફરતાં જે વનસ્પતિની તાજી સુગંધ મનને હરી લે એવું જ માણસની બાબતમાં બને છે. શબ્દો તો એકાદ બારી ખોલવાનું કામ કરે, પણ જે ભાવનો દરિયા ઘૂઘવતો હોય તે તો કામણ કર્યા વગર રહે જ કેમ! મળીએ પહેલી વાર અને ઓળખાણ વરસોની હોય એવું લાગે. આ પરિચય ક્યાંથી આવ્યો હશે! આ આત્મીયતા કેટકેટલા બંધ ઓરડા ખોલી દે. એવુય બને કે એ સ્નેહીજન મને જાણતા હોય અને હું એમનાથી પૂરેપૂરો અપરિચિત. એમની પાસે ટમટમતું અજવાળું અને હું છલોછલ ખોબાભર અંધારામાં.

કોઈ મિત્રની સાથે પહેલી વાર સાથે ચાલ્યાનું સ્મરણ છે. કોઈએ હેતપૂર્વક પાણીનો પ્યાલો ધર્યો છે અને ભરાયેલો શ્વાસ હેઠો બેસે તેની રાહ જોઈ છે. કોઈએ અજાણ્યા રસ્તે સંભાળીને ચાલવાની કાળજીભરી સલાહ દીધી છે. ઊઠતાંઊઠતાં કોઈએ ઋજુતાથી હાથ પકડીને બેસાડ્યો છે. કોઈ લિફ્ટ સુધી, તો કોઈ શેરી સુધી વળાવવા આવ્યું છે. કોઈ મિત્રે તો એકાદ દિવસ સાથે રહીને ડગલે-પગલે સુગંધના કણ વેર્યા છે.

નીરખી રહેવાનું તો એ ગમે છે કે કોઈ વ્યક્તિ પોતાના ભાવને અભિવ્યક્તિ કેવી રીતે આપે છે! આપણો એને મળ્યા, મિલન એને ગમ્યું છે, એ જોતાં આપણો પણ હરખભીનાં થઈએ છીએ.

એક વડીલ જે વૃદ્ધાવસ્થામાં પણ શરીરે સશક્ત છે. એમને વર્ષો પછી મળવાનું થયું. ચરણસ્પર્શ કરવા ગયો, તો એમ કરતાં રોકીને એ વડીલ ભેટી પડ્યા. એ ભેટવાથી મારાં તો રોમેરોમમાં વિદ્યુતપ્રવાહ જેવી ઝણઝણાટી આવી ગઈ. મુરબ્બીના ચહેરા પર જે ભાવરમ્યતા હતી એ તો શબ્દાતીત!

કોઈએ પ્રેમથી પીઠ થાબડી હોય અને કોઈએ પહેલી મુલાકાતમાં જ માથે હાથ ફેરવી મસ્તકે આશીર્વાદની હેલી કરી દીધી હોય એવું લાગે. કોઈએ હાથના મૃદુ સ્પર્શથી કહેવા જેવું બધું નિવેદન કરી દીધું હોય. પરિચય તો હજી ગાઢ થયો ન હોય ત્યાં જ કોઈ એકાદ નાનકડી સુંદર ભેટ આપે. આનાકાની કરી ન શકાય. ખરી ભેટ તો એમની આંખોમાં હોય. માણસોને મળતાં એવું થયા જ કરે છે કે એમની લાગણી, એમનું શરીર અશબ્દ રીતે કોઈ ને કોઈ માધ્યમથી વ્યક્ત કરી દે છે. એમની આવકારવાની રીત, એમની બેસવાની, બેસાડવાની ઢબ, કંઈક સામે ધરતાં વ્યક્ત થતો અનુભવ, એમનું હલનચલન, હાથની મુદ્રાઓ, આંખો તો આખી ઋતુ ઠાલવી દે. જીભનો ભાગે આવે તો આવે અને તે પણ થોડું. માર્મિક અને અતલ ઊંડાણમાંથી આવતી શબ્દની સરવાણી!

જે આપણા પરિચિત છે, વખતોવખત મળીએ છીએ, એમનો પ્રેમ કંઈ ઓછો નથી હોતો, પણ ઉમળકાની ડાળી પર પાનખર બેઠી હોય છે. એકમેક વિશે વધુ પરિચય હોવાથી બધું જાણીએ છીએ એવી માન્યતાથી અવજ્ઞા પણ થાય છે.

ગામડાના અમારા ઘરમાં જ્યારે કબાટ નહોતા ત્યાં પેટીઓનો ગરાસ ચાલતો હતો. એક ઓરડામાં નાની-મોટી પેટીઓની હાર હતી. કપડાં, વાસણ, અન્ય ન વપરાતી વસ્તુઓ એ પેટીઓમાં સચવાયેલી રહેતી. રોજબરોજનાં કપડાંની પેટીઓ ઉપર રહેતી, જેથી ઝટ ખોલી શકાય. કપડાં કાઢી શકાય. બંધ પણ કરી શકાય, એ પેટીઓ મારી માનીતી નહોતી. બે-ત્રણ પતરાની પેટીઓની નીચે એક સીસમના લાકડાનો મોટો પટારો હતો. એને મજૂસ પણ કહેતા હતા. એ મજૂસ તો વાર-તહેવાર, પ્રસંગે ઊઘડે. ઘરમાં હોઉં તો એ મજૂસ ખૂલે તે જોવા દોડી જાઉં. અંદરની વસ્તુઓ જોવાનું કૌતુક રહેતું. થોડી વારમાં તો એ પટારો બંધ થઈ જતો. ફરી તો ઊઘડે ત્યારે ઊઘડે.

ક્યારેક ઓચિંતું, અનાયાસ થઈ જતું મિલન એ સાતમા ઓરડામાં મૂકેલા મજૂસ જેવું છે. એમાં બીજી વસ્તુઓ તો જે હોય તે હોય, પણ વિસ્મય ભરપૂર હોય છે.

પ્રસંગ-અવસરે, સભા કે સમારંભમાં આવે તો અનેક છે ખબરઅંતર ઘણાના પૂછીએ છીએ, પણ એ ભીડમાં કોઈ એકાદ જ એવું હોય છે જે આપણાને મળે છે. ભીડમાં હોવા છતાંય ભીડથી અલિપ્ત હોય છે. પરિચયની પાંખડીઓ વધુ વિકસે તે પહેલાં તો વિખેરાઈ જવાનું હોય છે.

પ્રવાસમાં પ્રકૃતિનાં અનેક અનુપમ દૃશ્યો મળે છે. આપણો થોડી વાર થોભીએ, ફરી આગળ ચાલવું જ પડે છે. આત્મીય, આપણને નિર્વ્યાજ ચાહનાર પાસેથી પણ વહી જવું પડે છે.

એ ભાવની અભિવ્યક્તિમાં તો કચાશ નથી હોતી, પણ ઝીલનાર તરીકે આપણો ખોબો, આપણી ઝોળી નાનાં ન પડે એ જ માગવું રહ્યું ! સુખ દેનાર તો જગતમાં અનેક સ્થાન છે, પણ એક ભાવવાહી ચહેરો અને થોડી નિરાંતની તરબતર ક્ષણો ! બસ !

મો. : ૯૮૨૦૬ ૧૧૮૫૨


# મુલચંદ લાલજી એન્ડ કાું.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in :*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai-400 001.

**Phone :** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax :** 2261 1207

**Email :** info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai-400 001.

# વણપોંખાયેલા, દેશભક્ત કચ્છીઓની ન્યોચ્છાવરી ! - ૨

પ્રવીણચંદ્ર શાહ

## '૪૨ની ક્રાંતિમાં કચ્છી વેપારી વેરસીભાઈ છેડા

ઈ. ૧૯૪૨, ઑગસ્ટમાં બ્રિટિશ સરકારને 'હિંદ છોડો'-'ક્વિટ ઈન્ડિયા'નો દેશના સ્વાતંત્ર્ય લડતના ઈતિહાસમાં જાણીતો પડકાર ફેંકાયેલો હતો.

કૉંગ્રેસ સંસ્થા દ્વારા ફેંકાયેલા આ આહ્‌વાનમાં આખોય દેશ શામેલ હતો. (આ 'હિંદ છોડો'નું તેજાબી સૂત્ર મૂળ કચ્છી, પણ કૉંગ્રેસ સમાજવાદી પક્ષના નેતા શ્રી યુસુફ મહેરઅલીની દિમાગી પેદાશ હતી.) તેની સામેના વળતા પ્રહારરૂપે બ્રિટિશ સરકારે દેશના પ્રથમ અનો બીજી હરોળના રાજકીય આગેવાનોને કારાવાસમાં ધકેલી દીધા હતા. ગાંધીજી, નહેરુ, સરદાર પટેલ, મૌલાના આઝાદ, આચાર્ય ક્રિપાલાની - બધાને બંદી બનાવી દેવાયા હતા. એ બધાની સાથે સાથે અગ્રિમ સમાજવાદી નેતાઓ શ્રી જયપ્રકાશ નારાયણ, યુસુફ મહેરઅલી, આચાર્ય નરેન્દ્ર દેવ, અચ્યુત પટવર્ધન, અશોક મહેતા, અરુણા અસફઅલી - વગેરેનો પણ કારાવાસની તોતીંગ દીવાલો પાછળ પૂરી દેવાયાં હતાં.

દેશભક્તિ અને ક્રાંતિની પાવક જ્વાળા આખાય દેશમાં પૂરજોશમાં ફેલાયેલી હતી. તેને મસળી નાંખવા બ્રિટિશ સરકાર ભયંકર પ્રમાણમાં હિંસક બનેલી. દમન અને જુલ્મના કોરડા દેશભરમાં વિંઝાવા લાગેલા. મૂળભૂત રીતે અહિંસક રીતે લડાનારી 'હિંદ છોડો'ની ચળવળ કેટલાંક સ્થળોએ, બ્રિટિશ દમન અને જુલ્મના પ્રત્યાઘાતને કારણે હિંસક સ્વરૂપ ધારણ કરે, એ સ્વાભાવિક હતું. બ્રિટિશરો સામેનું પ્રજાકીય આંદોલન ગાંધી - કૉંગ્રેસ પ્રેરિત અહિંસક પાયે પણ ચાલતું હતું અને જયપ્રકાશ નારાયણ અને એમની સાથેના સમાજવાદી ઉદ્દામ સાથીઓ દ્વારા ક્રાંતિકારી ધોરણે પણ ફેલાતું જતું હતું.

ઉત્તર ભારત, મહારાષ્ટ્ર, બિહાર, બંગાળ, પંજાબ વગેરે વગેરે પ્રદેશોમાં દેશભક્ત ક્રાંતિકારીઓનો હાથ ઉપર થતો જતો હતો. ભૂગર્ભી ક્રાંતિકારીઓને ખતમ કરવા બ્રિટિશ સરકાર અનો તેના કાંધિયા જેવા, દેશી રજવાડાંઓની યંત્રણા પણ એટલી જ દમનખોર અને જુલ્મી બનતી જતી હતી, પરંતુ દેશના બીજા ભાગોના પ્રમાણમાં તે વખતે મદ્રાસ

પ્રોવીન્સ તરીકે ઓળખાતા તામિલનાડુ, આંધ્ર, કેરાલા અને કર્ણાટકના મોટા ભાગના પ્રદેશોમાં ઓછી ઉગ્રતા હતી. તેથી ઉગ્રવાદી, ભૂગર્ભી ક્રાંતિકારીઓ માટે દક્ષિણ ભારત પ્રમાણમાં વધુ સહીસલામત મનાતું હતું.

'આ મહોલ દરમ્યાન બ્રિટિશ સરકારનું નાક મૂળમાંથી કપાવા જેવું લાગે તેવી એક રોમાંચક ઘટના ઘટી. ઈ. ૧૯૪૩માં બિહારના હજારીબાગની સેન્ટ્રલ જેલ તોડીને તે વખતના ક્રાંતિકારી સમાજવાદી લોકનેતા જયપ્રકાશ નારાયણ અને એમની સાથેના પાંચ સાથી કેદીઓ ભાગી છૂટ્યા. બ્રિટિશ સરકાર અને બિહાર પ્રાંતના સત્તાધીશો માટે તો આ એક જબરી લપડાક હતી. જેપીના પાંચ સાથીઓમાંથી ત્રણ નજીકના નેપાળ તરફ સટકી ગયા, એક બનારસ બાજુ જઈને ભૂગર્ભવાસી બની ગયા, અને એક મુંબઈ શહેરમાં ભૂગર્ભવાસી બની છુપાઈ ગયા. મુંબઈમાં છુપાઈ જનાર, જયપ્રકાશન નારાયણના ક્રાંતિકારી સાથીદારનું નામ રામાનંદજી મીશ્ર હતું. આ રામાનંદજી સમાજવાદી વિચારધારાના પ્રખર ચિંતક, વિચારક અને પુરસ્કર્તા હતા. હઝારીબાગની જેલ તોડી ભાગી છૂટવું, બ્રિટિશ સરકારને સતત હાથતાળી આપતા રહી, ભૂગર્ભવાસી બની છુપાઈ રહેવું અત્યંત જોખમી કામગીરી હતી. એમને ક્યાંય આંચ ન આવી જાય તેવી રીતે સાબદા રહેવું પણ ખૂબ જરૂરી હતું.

આ ભૂગર્ભી હિલચાલની ભારે જોખમી જવાબદારી મદ્રાસ ખાતે શ્રી વેરસીભાઈ કરમસી છેડાને સ્વીકારવાનું બન્યું. વેરસીભાઈની સર્વસામાન્ય છાપ એક સફળ વેપારી-ધંધાધારી તરીકેની અને ઈન્ડિયન નૅશનલ કૉંગ્રેસની પ્રવૃત્તિઓના શાંત કાર્યકરની હતી, પણ સાથેસાથે એમનો દેશદાઝી આકરો વૈચારિક નીડર અભિગમ પણ કૉંગ્રેસ અને સમાજવાદી પાર્ટીના અગ્રણીઓથી અછાનો નહોતો. એમની વિશ્વસનીયતા, ખાનગી બાબતોને ખાનગી રાખવાની કાળજી અને સમય, શક્તિ અને લક્ષ્મીનો ભોગ આપી છૂટવાની હિંમત અને સાહસ પણ રાજકીય વર્તુળોમાં અંદરખાનેથી જાણીતા હતાં.

મદ્રાસથી તાકીદે મુંબઈ પહોંચવાનો એમને ખાનગી સંદેશો પહોંચાડવામાં આવ્યો. વેરસીભાઈ આવી બાબતોમાં ન ઢીલ કરે, ન તો પરિણામોની ફિકર કરે. મુંબઈ પહોંચી આવેલા વેરસીભાઈનો મેળાપ હઝારીબાગ જેલ તોડી ફરાર થયેલા જયપ્રકાશ નારાયણના મુંબઈમાં છુપાયેલા સાથી રામાનંદજી મીશ્ર સાથે કરાવાયો. રામાનંદજીનું મુંબઈમાં વધારે રોકાવું અત્યંત જોખમી બની ચૂક્યું હતું. રામાનંદજીને મદ્રાસમાં અજ્ઞાતવેશમાં છૂપાવી, સાચવી રાખવાની જોખમી જવાબદારી વેરસીભાઈને સોંપવામાં આવી. આ જોખમી કામ સોંપનારા હતા, જેપીના નિકટના સાથી સમાજવાદી નેતા ગંગાશરણ સિંહા, જેમણે રામાનંદજીનો હવાલો એમને સોંપતાં હિંદીમાં કહેલું. 'આપકી જિમ્મેદારી પે ભારત કે

સપૂતકો આપકો સોંપતા હૂં, મુજે પુરા વિશ્વાસ હૈ આપ ઉનકી પૂરી હિફાઝત કરેંગે.'

'રામાનંદજીનો વેશપલટો કરાવીને' વેરસીભાઈ એમને મદ્રાસ લઈ આવ્યા. ભૂગર્ભી તરીકે છુપાવીને રાખ્યા. મદ્રાસથી રામાનંદજીએ કોલકાતા પહોંચવાની ખાનગી યોજના ઘડી હતી. કોલકાતા ખાતેના ભૂગર્ભી સમાજવાદી કાર્યકરોના છૂપા સંપર્કો કરવાની રામાનંદજીએ કોશિશો કરી. એમને ખાનગી બાતમી મળેલી કે સમાજવાદી અગ્રણી ડૉ. રામ મનોહર લોહિયા પણ કોલકાતામાં જ ભૂગર્ભી બની છુપાયેલા છે. વેરસીભાઈને વિનંતી કરાઈ કે એમણે વિશ્વાસુ ખેપીઓ, સંદેશવાહક કોલકાતા મોકલવો, જેને વધુ ખાનગી સૂચનાઓ અપાશે.

વેરસીભાઈએ આ જોખમી જવાબદારી પોતાના વિશ્વાસુ સાથી-શિષ્ય જેવા માસીઆઈ ભાઈ (મૂળ કચ્છ દેવપુરના) તલકશીભાઈ રવજીને સોંપી, જેમને ચારેક વર્ષ પહેલાં મુંબઈ થી મદ્રાસ બોલાવી લઈ, વ્યાપારી કામકાજમાં ગોઠવી દીધેલા. તેઓ વેરસીભાઈની જાહેર સેવાની પ્રવૃત્તિઓમાં પણ ખડે પગે સાથે ને સાથે રહેતા.

તલકશીભાઈએ અદા કરવાની જવાબદારી એ હતી કે કોઈને કાંઈ શક ન જાય તે રીતે એમણે મદ્રાસથી કોલકાતા પહોંચી જવું. પોતાની સાચી ઓળખ બિલકૂલ છૂપાવી રાખવી. જુદા જુદા માધ્યમો દ્વારા કોલકાતામાં ડૉ. રામ મનોહર લોહિયાનો ગુપ્ત સંપર્ક કરવો, ડૉ. લોહિયા પાસેથી ભવિષ્યની કાર્યવાહીની પૂરતી સૂચનાઓ મેળવી, બરાબર સાતમા દિવસે મદ્રાસ પાછા પહોંચી આવી વેરસીભાઈને માહિતગાર કરવા, જેથી એમના ગુપ્ત આશ્રય હેઠળ સચવાયેલા રામાનંદજી મીશ્રની સાથે આગલાં પગલાં માટે મસલત કરી શકે.

તલકશીભાઈ રવજી મદ્રાસથી કોલકાતા માટે ટ્રેનથી રવાના તો થઈ ગયા, પરંતુ જોગાનુજોગ ભારે વરસાદને કારણે વિશાખાપટ્ટનમ્ અને કટક વચ્ચેની રેલવે લાઈનને ખૂબ નુકસાન પહોંચેલું. કેટલાંક સ્ટેશનો વચ્ચેના રેલવેના પાટા ઊખડી, ફેંકાઈને તણાઈ પણ ગયેલા. પરિણામે વિજયવાડાથી વાયા રાયપુર થઈને છેક ત્રીજે દિવસે એ કોલકાતા પહોંચ્યા. ત્યાં એમણે કોલકાતા ખાતેની સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપનીના તે વખતના જનરલ મેનેજર શ્રી ગગનવિહારીલાલ મહેતાનો સંપર્ક કરી, રામાનંદજીનો સંદેશો આપવાનો હતો. આ શ્રી ગગનવિહારીલાલ (જી. એલ. મહેતા, વલ્લભભાઈ પટેલના અને પંડિત નહેરુના વૈચારિક અનુયાયી હતા. ભારત આઝાદ થયા પછી તેઓ અમેરિકા ખાતેના એલચી પણ નિમાયેલા).

શ્રી જી. એલ. મહેતાએ બીજે દિવસે શ્રી હૂમાયૂન કબીર સાથે તલકશીભાઈનો મેળાપ કરાવ્યો (શ્રી હૂમાયૂન કબીર શ્રી મૌલાના આઝાદના ખાસ અનુયાયીઓમાંના એક હતા.

સ્વતંત્ર ભારતના સૌથી પહેલા શિક્ષણપ્રધાન મૌલાના આઝાદના નિધન પછી હૂમાયૂન કબીર ભારતના શિક્ષણપ્રધાન બનેલા. એમનાં પુત્રી લયલા કબીર સાથે સમાજવાદી નેતા જ્યોર્જ ફરનાન્ડીસે લગ્ન કરેલા. કેટલાંક વર્ષો બાદ બન્ને એકબીજાથી અલગ થયેલાં)

શ્રી હૂમાયૂન કબીર સાથે તલકશીભાઈનો સંપર્ક થઈ જવા પછી કોલકાતામાંના બીજા સમાજવાદી સક્રિયોનો સંપર્ક ત્રીજા દિવસે થઈ શકેલો. જયપ્રકાશ નારાયણના મદ્રાસ ખાતેના ભૂગર્ભી સાથી રામાનંદજી મિશ્રે શું અને કેવી રીતે કરવાનું છે, તેની સૂચનાઓ સાથે તલકશીભાઈને મદ્રાસ માટે રવાના કરવામાં આવ્યા. એમણે ફરી પાછું વાયા રાયપુર અને વિજયવાડા થઈ જવું પડ્યું. પરિણામે મદ્રાસમાં સમયસર સંદેશા મળી શક્યા નહીં. બ્રિટિશ ખુફિયા પોલીસ અને જાસૂસી–તંત્રને ગંધ આવી જાય તે પહેલાં રામાનંદજીએ કોલકાતા માટે મદ્રાસ છોડી જવાનું હતું. રેલવેની અંધાધૂંધીને કારણે સાતમા દિવસે પણ તલકશીભાઈ મદ્રાસ પાછા પહોંચી ન શક્યા. એટલે વેરસીભાઈએ એમના જ એક બીજા વિશ્વાસુ (મૂળ કચ્છ દેવપુરના) શ્રી પાલણ નરસીને રામાનંદજીના રક્ષક-વળાવિયા તરીકે કોલકાતા માટે ટ્રેનથી રવાના કર્યા.

ઘટના આશ્ચર્યજનક બની જોગાનુજોગ એવું થયું કે કોલકાતાથી મદ્રાસ આવતા તલકશીભાઈવાળી ટ્રેન અને મદ્રાસથી કોલકાતા પહોંચી જવા નીકળેલા પાલણભાઈ નરસી અને રામાનંદજી મિશ્રવાળી ટ્રેન - બન્ને વિજયવાડામાં આમને-સામને ભેગી થઈ ગઈ. બધાનો એકબીજા સાથે અણધારેલો ભેટો થઈ ગયો.

વિજયવાડામાં પણ પોલીસ તપાસણી બહુ આકરી હતી. આગળ મુસાફરી કરવામાં ઘણું વધારે જોખમ હતું એટલે સૌ વિજયવાડા જ ઊતરી ગયા, જ્યાં કચ્છીઓની માસિકીની એક પેઢી, શા શિવજી મણસી કાું.માં બે-ત્રણ દિવસ મૌન જાળવીની બધા રોકાઈ ગયા. એ પછી કોલકાતાથી ‘સબ-સલામત’નો સંદેશો મળતાં કોલકાતા જનારા રામાનંદજી મિશ્ર કોલકાતા તરફ રવાના થયા. તલકશીભાઈ અને પાલણ નરસી મદ્રાસ પાછા પહોંચ્યા. દરમ્યાનમાં ગમે તે કારણે બ્રિટિશ સીઆઈડી પોલીસને થોડી ઘણી ગંધ આવી ગઈ હતી, એટલે એને લીધે મદ્રાસ ખાતે વેરસીભાઈ ‘અન્ડર સર્વેઈલન્સ (ખુફિયા પોલીસની ચાંપતી ચૌકી) હેઠળ મૂકાઈ ગયા.

(ક્રમશઃ)

મો.: ૯૯૩૦૬૬૦૨૪૨

## સુધારો

સપ્ટેમ્બર ૨૦૨૨ મહિનાની પગદંડીમાં **વણપોખાયેલા, દેશભક્ત કચ્છીઓની ન્યોછાવરી -૧** લેખમાં ૨૪માં પાને શ્રી વેરશીભાઈ કરમશી સૈયાને બદલે **શ્રી વેરશીભાઈ કરમશી છેડા** વાંચવું.

શરતચૂક બદલ ક્ષમા યાચના.

લિ. તંત્રીઓ

# એક પત્ર - સાત દાયકા જુનું સંભારણું

**પન્નાલાલ ખીમજી છેડા**

પ્રિય લેક્ષ - અધા.

જોહાર. પાલાગલી શાળાના ધાર્મિક શિક્ષક વિષયક પોસ્ટ વાંચતાં ૧૯૫૧નું વર્ષ લખેલું જોયું ને મારી આંખો સમક્ષ સમેતશિખરજીની યાત્રા તાદૃશ બની ગઈ.

પાલાગલી શાળામાં પાંચમા કે છઠ્ઠા ધોરણમાં હોઇશ. ઉંમર દસ કે અગિયાર વર્ષની. ભોગીલાલ પંડ્યા (ભોગીબાપા) જૈન ધર્મના અજૈન શિક્ષક. બેઠી દડી, કરડાકીભરી આંખો, વર્ગમાં બેઠાં હોય ત્યારે અજંપાભરી શાંતિ, સૂત્રો બોલાવે, ન આવડે તો ધૂળ કાઢી નાખે. દુર્વાસાનો અવતાર જોઈ લો.

શાળામાંથી સમેતશિખરજીની ટૂર નીકળી. બાપા મુખ્ય નિયામક. પ્રવાસમાં સહુથી નાનો બાળક હું. દેખાવમાં બટુક. ખાવા-પીવાનું આવે ત્યારે પહેલો મને બેસાડે.

આટલાં સ્થળો હજી યાદ છે : અલ્હાબાદ, બનારસ, કાશી, ગયા, પાવાપુરી, રાજગૃહી, સમેતશિખરજી, નાલંદા, પટના, ભાગલપુર. કાર્તિક પૂનમના કોલકાતા (૯૬, કેનિંગ સ્ટ્રીટ-મુકામ), ''ભવ્યાતિભવ્ય'' શબ્દ શોભે એવો વરઘોડો, ધજાને નડે નહિ એટલે મ્યુનિસિપાલિટી વીજળીના દોરડા કાપે ને બાંધે એવો પારંપરિક નિયમ.

અલ્હાબાદના ત્રિવેણીસંગમમાં રાગડા તાણવાનું શરૂ કર્યું, ''પવન શનશના રહા હૈ, પવન જનજના રહા હૈ, લહર લહર પે હૈ તુંફા ઓ નૈયાવાલો ઓ સાવધાન'' ગાતાંગાતાં જરા ઊંચો થયો ને લેંગાનો ચરરર અવાજ મારી હાલત બગાડી ગયો.

નાલંદા વિદ્યાપીઠના પ્રાંગણમાં પહોંચ્યા. પ્રવેશદ્વાર પાસે કંઈક અટકચાળું કરતાં ભોગીબાપાએ મને પ્રસાદી આપવા હાથ ઊંચો કર્યો, તો અટકાવવાના પ્રયાસરૂપે મેં હાથ લાંબો કર્યો ને એમના નાક પરથી ચશ્માં સરી પડ્યાં, કાચ તૂટ્યા, બાપાનો ગુસ્સો સાતમા આસમાને. કોઈકને બાપાનાં બીજાં ચશ્માં લઈ આવવાનું સૂઝ્યું- આગળ જતી બસ ને રોકી, બીજા ચશ્માં કાઢયા બધાં આધાંપાછાં થયાં.

બાપાનાં ચશ્માં તોડવા બદલ કેટલાકે મને ખાનગીમાં બિરદાવ્યો. ત્યારે સમજ ન હતી કે ક્રોધી મનુષ્યની સામે ગભરાતી વ્યક્તિઓ તેમની પીઠ પાછળ ટીકા કરે, તેમનું કંઈક બગડે તો રાજી થાય. આ મનુષ્યગત સ્વભાવનો

પછી ખ્યાલ આવ્યો. તેમના ગુણો ભુલાઈ જાય અને અવગુણો છતાં થાય.

અલ્હાબાદમાં એક આનાની ચીકી લીધી. ફેરિયાએ મને કાણાવાળો એક પૈસો પાછો આપ્યો. અહીં એક આનાના પાંચ પૈસા મળતાં હતા. હું બીજાં મિત્રોને બોલાવી આવ્યો સહુએ ચીકી ખાધી અને પૈસો પાછો લીધો. અમને કોઈને આ અર્થશાસ્ત્ર ન સમજાયું.

ભાગલપુરની બજારમાં સાત-સાત રૂપિયામાં આર્ટસિલ્કની સાલ જોઈ. મારાં ફોઈનો દીકરો મારી સાથે હતો. અમે ત્રણ સાલ વેંચાતી લીધી. કચ્છમાં ગયો ત્યારે મારા દાદાજીને એક સાલ ઓઢાળી. લગભગ પંદરેક વર્ષ સુધી મેં એ સાલ વાપરતાં એમને જોયા હતા. બપોરે વામુકુક્ષિની વેળાએ માખીઓથી બચવા હું પણ એ સાલ મોઢા પર ઓઢી લેતો. એ સાલ છેલ્લે દાદાજીની સાથે પંચમહાભૂતમાં ભળી ગયાનું મને યાદ છે. અસ્તિત્વના આરંભ અને અંત વચ્ચે કેટલો સંતોષ મૂકી ગઈ આ સાલ ?

પટનામાં રસ્તો ચાલતાં એક મોટા મેદાનમાં સભા ચાલતી જોઈ. પોતડી, માથે ઓઢેલું લૂગડું, જીર્ણકાયા ધરાવતી કોઈ વ્યક્તિ સભાને સંબોધી રહી હતી. મારી આંગળી ઝાલીને ચાલતાં મિત્રને પૂછ્યું, કોણ છે આ ? જવાબ મળ્યો; ''વિનોબા''.

કેટલોક સમય - મારી બાના ૧૯૪૮માં થયેલા મૃત્યુ પછી કચ્છમાં બે વર્ષ ભણવા રહેવું પડ્યું હતું. ઘરે ગરાસિયા બહેનોની આવ-જાવ. ગરાસિયા પરિવારની નાની દીકરીને પણ 'બા'ના સૂચક નામથી સંબોધવામાં આવતી, એટલે 'બા' શબ્દને નારી જાતિનો માનાર્થે વપરાતો શબ્દ માનતો. ઘણા લાંબા સમય સુધી વિનોબાને એક નારીશક્તિ સમજ્યો હતો.

આનંદ પર્વની આ લાંબી ઉજવણી પછી મુંબઈ પાછા ફરતી વેળાએ બે મિત્રો વચ્ચે ઝઘડો થયો. દાદર સ્ટેશન સુધી એકબીજાને ભાંડતા રહ્યા. પાંચેક વર્ષ પહેલાં પંચોતેરે પહોંચેલા આ ઘટનાના પક્ષકાર મિત્રને મેં આ વાતની યાદ આપી હતી. એને આશ્ચર્યનો પાર ન રહ્યો.

અને છેલ્લે, ફેબ્રુઆરી ૨૦૨૨ના ''પગદંડીને પત્ર'' વિભાગમાં ડૉ. ગિરીશ વિંછીવોરા માટે લખેલ પત્રમાં ભોગીબાપા વિષે લખતાં ડૉ. વિંછીવોરાના શબ્દો ટાંકું છું.

''ભોગીબાપા ધર્મ ભણાવે નહિ, શિખવાડે છે''. સત્યની આ અંતિમ પારાશીશી હતી. મારી સ્મૃતિઓના પડળ ઉતરાવવા બદલ ઋણી રહીશ.

પન્નાલાલ ખીમજી છેડા
૯૮૨૦૨ ૮૪૦૪૪

***રહી ગયેલી વાત : એક માસની આ ટૂરનો ખર્ચ રૂા. ૮૦/- માત્ર.***

# જોવા જેવું જિયાગંજ

જ્યોતિ મોતા

*ગતાંકથી આગળ ચાલુ....*

આજે સવારે ભરપેટ નાસ્તો પતાવી ફરી એકવાર અજીમગંજનાં અન્ય જિનાલયોનાં દર્શન કરવા નીકળી પડી. લગભગ સાડા દસે અજીમગંજનાં જિનાલયો જોઈ પાછી આવી. આ દેરાસરોનું વર્ણન આગળના પ્રકરણમાં થઈ ગયું. હવે ફરી જિયાગંજનાં જિનાલયોનાં દર્શન જે ગઈકાલે ન થયજિં તે કરવા નીકળી. જિયાગંજની પેઢી પર અજીમગંજથી વાત થઈ ગઈ હતી કે એક યાત્રિક મોડા-વહેલા પૂજા- દર્શન કરવા માટે આવશે તો મંદિર ખુલ્લાં રાખે. આજે ફરી તત્કાળ આરક્ષણ માટે કોશિશ કરવાની હતી. ટિકિટ આરક્ષણ થઈ જાય તો બપોરની સાડા ત્રણની ટ્રેનમાં મારે અહીંથી નીકળી રાત્રે વર્ધમાન રેલવેસ્ટેશન પહોંચી અને ત્યાંથી મધ્યરાત્રીએ એટલે કે બાર વાગ્ય પછી આગરા ટ્રેન પકડવાની હતી.

ફરીથી કિશનભાઈ, મુંબઈના રાજુભાઈ અને ભાણેજ લાગી ગયા કૉમ્પ્યુટર મહારાજની આરતી કરવા. અગિયાર ને પાચ મિનિટે તત્કાળ આરક્ષણ બંધ. આજે પણ કોઈ સારા સમાચાર ન મળ્યા. સતત બે દિવસથી આરક્ષણ માટે કોશિશ કરવા છતાં નિરાશા મળી રહી હતી. ત્રણે જણ અને એમના એજન્ટ પણ આરક્ષણ ટિકિટ ન કરાવી શક્યા! ફરી આજનો દિવસ અને રાત મારે અહીં જ કાઢવાનાં હતાં. આવતી કાલે ફરી ટિકિટ ન થાય તો ત્રીજી રાત અને ચોથો દિવસ...? ના, ના, હું હવે વધુ વિચારવા નહોતી માંગતી. ફરી એક વખત આવતી કાલે કોશિશ કરીશ અને નિષ્ફળતા મળે તો બ્રેક જર્નીનો વિકલ્પ પસંદ કરી નીકળી પડીશ. આજે મારે પ્રકૃતિનું ભરપૂર સાનિધ્ય માણવું જરાય વિચલિત થયા વગર એવો નિર્ણય કર્યો. આજે પણ બપોરના ભોજનને તિલાંજલિ આપી. આજની સાંજ બીજે કશે ન જવાનું હોવાથી શાંતિથી ભોજન કરી ને ગંગાકિનારે સાંજ વિતાવવી એવું મનમાં નક્કી કરી લીધું. ફરી એકવાર નાનકડી બૅગ લઈ ઊપડી જિયાગંજનાં ચાર સુંદર જિનાલયોનાં દર્શન કરવાં.

**૧) વિમલનાથ જિનાલય:**

રિક્ષા કરી ગઈકાલે જ્યાં ઊતરી હતી એનાથી પહેલા થોડેક આગળ ઊતરી ગઈ. એક સુંદર મજાના જિનાલયમાં દાખલ થઈ. આ જિનાલયના મૂળનાયક ભગવાન વિમલનાથસ્વામી. આ જિનાલય ભીંતચિત્રો માટે પ્રખ્યાત છે. આ જિનાલયની ચિત્રકારી ખૂબ જ સુંદર છે. અહીં

અનેક સમારોહનું આયોજન થાય છે. અહીં આયંબિલશાળા, ધર્મશાળા, ઉપાશ્રય અને વિશ્રામગૃહ છે.

**૨) શ્રી સંભવનાથ જિનાલય :**

આ જિયાગંજ શહેરનું સૌથી પ્રાચીન મંદિર લગભગ ૩૦૦ વર્ષ જૂનું છે. ભગવાનની પ્રતિમા એથીય વધુ પ્રાચીન અને દર્શનીય છે. આ જિનાલય બંગાળની પાંચ તીર્થીમાં આવે. ઓસવાલ પટ્ટી નામે ઓળખાતું આ જિનાલય જિયાગંજ ગંગાતટથી બે કિલોમીટર દૂર છે. આસપાસની હરિયાળી અને સ્થળની સુંદરતા યાત્રિકોને અહીં આવવા માટે આકર્ષે છે. ગંગાતટે વસેલા આ જિનાલયની શોભા નિહાળી મંત્રમુગ્ધ થઈ જવાય છે. ગામનું શાંત વાતાવરણ આરાધના માટે ઉચિત છે. પ્રકૃતિપ્રેમી અને અધ્યાત્મપ્રેમીઓને અહીં રહેવું ગમે તેવું છે. અહીં રહેવાની અને ભોજનશાળાની સુવિધા ઉપલબ્ધ છે.

અહીંથી ચાલતી ચાલતી કાઠગોલાના રસ્તે ફરી ગંગાઘાટ પહોંચી.

**૩) શ્રી આદિનાથ જિનાલય :**

ગલીની અંદર આવેલું આ જિનપ્રાસાદ પણ અતિપ્રાચીન છે. આ સ્થળ જિયાગંજના ઉત્તર છેડે ગામથી લગભગ ત્રણ કિલોમીટર દૂર આવેલ છે. જિનાલયથી થોડાંક પગલાં દૂર ગંગાઘાટે ભાગીરથીની નિર્મળ ધારાઓ વહી રહી છે. આ જિનાલયમાં પણ અતિપ્રાચીન પ્રતિમાજી છે. હું જિનાલય પહોંચી ત્યારે મંદિરના પૂજારી ક્યાંક બહાર નીકળી ગયા હોવાથી જિનાલયનાં દર્શન ન થઈ શક્યાં. હવે અહીં એક જ જિનાલય બાકી રહ્યું હતું જે અહીંથી ત્રણ કિલોમીટર દૂર-દાદાવાડી જવાનું હતું.

**કીરતબાગ દાદાવાડી:** જૈન સંપ્રદાયમાં ઘણા સમુદાયો છે. આ સમુદાયના વડાઓને આચાર્ય કહેવાય છે. ધ્યાન અને સાધના દ્વારા ઘણા આચાર્યોને સિદ્ધિઓ પ્રાપ્ત થયેલ હોય છે. જેનો ઉપયોગ તેઓ લોકકલ્યાણ અર્થે કરે છે. જે જગ્યાએ તેમના અંતિમસંસ્કાર થયા હોય તે ભૂમિને દાદાવાડી કહે છે. આ જગ્યાએ આચાર્યશ્રીની મૂર્તિ અથવા ચરણપાદુકા સ્થાપિત હોય છે. કોઈ કોઈ જગ્યાએ દાદાવાડી સાથે દેરાસરજી પણ હોય છે.

રિક્ષા કરી હું અહીં જિયાગંજના દક્ષિણ છેડે પહોંચી. મોટા પ્રવેશદ્વારની અંદર દાખલ થઈ. ગામને છેવાડે પ્રકૃતિની ગોદમાં દાદા ગુરુનું મંદિર અને સુંદર જિનાલય શોભતાં હતાં. વિશાળ ફાર્મ હાઉસ જેવી મોટી જગ્યામાં દાદાવાડી અને જિનમંદિર શોભી રહ્યાં હતાં. પ્રકૃતિની શોભા અને શાંતિ જોઈ મન પ્રફુલ્લિત થઈ ગયું. ચારેબાજુ આમ્રવન, નાળિયેરી અને બીજાં વૃક્ષો શોભતાં હતાં. દાદાવાડીની આગળ સુંદર મજાનો નાનકડો બગીચો બનાવેલ હતો. બગીચામાં ગુલાબ અને ફૂલ છોડો સુંદરતા વધારી રહ્યાં હતાં. બાજુમાં એક નાનકડી તલાવડી પણ શોભી રહી હતી. પૂજા-દર્શન કરીને હું સામે જિનમંદિરમાં ગઈ.

**૪) વાસુપૂજ્યસ્વામી જિનમંદિર :**

**મૂળનાયક:** ભગવાન શ્રી વાસુપૂજ્યજી અહીં બિરાજે છે. બે માળના જિનાલયમાં અહીં અનેક પ્રતિમાજીઓ બિરાજિત છે. મણિભદ્ર વીરની સો વર્ષ જૂની કેસરિયા રંગની મૂર્તિ આકર્ષક લાગે છે.

અહીં આરામથી દર્શન-પૂજા કરી, પૂજાનાં વસ્ત્રો બદલી શાંતિથી આ સ્થળની સુંદરતાને માણવા મંદિરના ઓટલે બેઠી. ચાર વાગ્યા આવ્યા હતા. ત્યાંના મૅનેજરભાઈ આ મંદિર વિશે પૂછી રહી હતી. એટલામાં એક સજ્જન વ્યક્તિ ત્યાં આવ્યા. દર્શન કરી મૅનેજર સાથે વાત કરવા લાગ્યા. સૂટબૂટમાં સજ્જ એ વ્યક્તિએ મૅનેજેરભાઈ સાથે થોડી વાતો કરી અને મારી પાસે આવ્યા. થોડી ઔપચારિક વાતો કરી મારી યાત્રાની વાતો સાંભળીને અહોભાવ પ્રગટ કર્યો. એ શ્રાવકભાઈએ મારા અહીંના રોકાણ વિશે પૂછ્યું. મારી બે દિવસથી તત્કાળ ટિકિટ નહોતી થઇ રહી એ જણાવી મેં કહ્યું કે આવતી કાલે ટિકિટ આરક્ષણ ન થાય તો હું વગર આરક્ષણે પણ નીકળી જઈશ. તેમણે મને એક દિવસ વધુ રોકાવાનું કહી પોતાના ઘરે આમંત્રિત કરી. આજે મારો બીજો દિવસ હતો અને આવતી કાલે ટિકિટ ન થાય તો મારો ત્રીજો દિવસ થાય. મારી યાત્રા ઘણી લાંબી હોવાથી અને હજી ઉત્તર ભારતની કલ્યાણક ભૂમિઓ, જેની યાત્રા બાકી હતી તે કરવાની હોવાથી મારે હવે અહીં વધુ રહેવું પોસાય તેમ નહોતું. મૈં એ ભાઈને વિનયપૂર્વક ના પાડી. આવતી કાલનો બપોર સુધી સમય મારી પાસે હતો.

શિયાળાના દિવસોમાં સતત પડતી ઠંડીથી વારંવાર ધુમ્મસ છવાઈ જવું અને ઉત્તર ભારતની ટ્રેનો તેના નિયમિત સમયથી ૧૦-૧૨ કલાક મોડી ચાલવી એ અહીં ઘણું સ્વાભાવિક હતું. આવતી કાલે મારે સામાન્ય કોચમાં બેસી અને આગળ વધવું એવું મન મેં બનાવી લીધું હતું. એ સજ્જન પુરુષ પણ મારી વાત સમજી ગયા. તેઓનું નામ ઉત્તમચંદજી છાજેડ હતું. તેમણે જિયાગંજની ઘણી વાતો મને કહી. સાંજ ઢળી રહી હોવાથી મારે સમયસર ચૌવિહાર માટે પહોંચવું હતું. તેઓ મને પોતાની બાઇક પર ગંગાઘાટ મૂકવા આવ્યા. એમનો આભાર માની હું નાવડી દ્વારા અજીમગંજ પહોંચી. ભોજનશાળામાં ભોજન કરી ગંગાઘાટને રસ્તેથી ટહેલતી ટહેલતી ઓરડે પહોંચી. થોડા ફોન કૉલ્સ કર્યા. કડકડતી ઠંડી રાતમાં બ્લૅંકેટમાં ભરાઈ ગઈ.

**વિદાય વેળાએ ગંગા સાથે ગુફ્તેગો:**

આરક્ષિત ટિકિટ ન મળે ત્યાં સુધી અહીં બેસી રહેવું હવે વધુ પોષાય એમ નહોતું. આજે આરક્ષણ ન થાય તોપણ બપોરે નીકળી જવું હતું.

અહીંનાં ચારે શહેરોની મોજ મેં માણી લીધી હતી. હજીય બપોર સુધીનો સમય મારી

પાસે તદ્દન ફાજલ હતો. વહેલી સવારે આળસ મરડી, ઠંડીની લહેરોમાં નીકળી પડી ગંગાનું સાંનિધ્ય માણવા. થોડી વાર ગંગાઘાટે ધ્યાનમાં બેઠી. ન જાણે આ ગંગાએ કેટલાય મુનિઓ, જ્ઞાનીઓ, તપસ્વીઓ અને ધ્યાનીઓને જોયા હશે! પોતાના શાંત અને પવિત્ર તરંગોથી કેટલાયને શાંતિ પહોંચાડીને મોક્ષમાર્ગની યાત્રામાં સહાયક બની હશે. પોતે પણ જ્ઞાનીઓના પવિત્ર તરંગોથી તરંગીત થઈ હશે. એ કહેવું મુશ્કેલ બને કે કોણ કોને વધુ ઉપયોગી બનતું હશે? ગંગાનું પાણી અને મારાં યાત્રા સંસ્મરણો બંને સાથે દોડી રહ્યાં હતાં. દૂર-દૂર નાવિકોની નાવડીઓ આજીવિકા માટે દોડી રહી હતી. એક નાવિકે પાસે આવી નાવ ઊભી રાખી મને પૂછી લીધું.

**''આપકો ગંગા સહલ કરની હૈ?''**

મેં સહજભાવે હા પાડી. છેલ્લા આઠ મહિનામાં હું ગંગાની સાથે ને સાથે રહી. હવે તો અમે જાણે પાકી સહેલીઓ બની ગઈ હતી.

ઊગમસ્થાનથી નીકળેલી ગંગા એક અલ્લડ, ફક્કડ, કૂદતી-રમતી બાળામાંથી હવે જાણે ગંભીર નારી બની ગઈ હતી. બચપણ-યુવાની પાર કરી હવે એ પ્રિયતમને મળવાની છેલ્લી ઘડીમાં જાણે સાવ શાંત અને લજ્જામણી બની ગઈ હતી! એનાં બધાં રૂપ અને ભારમાં હું એની સાથે જ રહી. ઉત્તરાખંડના ગંગોત્રી ગઢવાલથી પિતૃઘર ત્યાગીને એ મસ્ત થઈ મ્હાલી. અનેક સહેલીઓને સાથે ભેળવી, પોતાનામાં સમાવતી સમાવતી વિસ્તરતી રહી. સહેલીઓના સંગાથે પ્રયાગરાજ સંગમ પર મળી. ત્યાં સુધીમાં રસ્તે ન જાણે કેટલાય લોકોએ એને અપવિત્ર કરી. બધાનાં પાપ ધોતી, પોતે ગંદી થતી, લોકોને પવિત્ર કરતી કોઈ પણ ફરિયાદ વગર આગળ વધતી ગંગા નારી જાતને ગંભીર શિક્ષા આપતી જાય છે.

ભાગલપુર, બનારસ, કાશી પહોંચતાં સુધી તો કેટલી વિસ્તૃત થઈ ગઈ! જાણે પોતે સાગર થઈ મ્હાલી રહી હોય એવું લાગે. એના પ્રિયતમ સાથેનું મિલન તો ઘણું દૂર હતું. છતાં એ બધાને જીવનદાન આપતી, નિર્મળભાવે આગળ ને આગળ વધતી રહી. હવે એ, એ જગ્યાએ પહોંચી હતી જ્યાં એનો પ્રિયતમ સાગર દૂર ન હતો. મિલન પણ કેવી જાતનું કહેવું...? વિલીનીકરણ! જાણે સીતાની જેમ રામના મિલન પહેલાં જ ધરતીમાં વિલીન થવું!

આમ તો ગંગા અને નારીના જીવનમાં મોટો ફરક નહોતો દેખાતો. હું પણ મારી ઝલક એમાં જોઈ રહી. પિતૃઘર પવિત્ર હિમાલયથી નીકળી ત્યારે કેવી નિર્મળ, સ્વચ્છ, શીતલ! આગળ વધતી ગઈ કે સંસારની ગંદકી લોકો એને આપતા ગયા. જીવનયાત્રામાં કેટલાય ઉતાર-ચડાવ જોયા. ક્યાંક ભયાનક પણ બની, પણ આખરે તો સૌને શીતળતા

જ અર્પણ કરતી ગઈ. હું પણ એની સાથેસાથે ચાલતી રહી. ગંગા પણ હવે જાણે મારો સાથ ઈચ્છતી ન હોય...! ના-ના કદાચ હું જ હવે એને છોડવા નહોતી માંગતી! પણ એને છોડવાનો સમય તો આવી જ ગયો હતો.

ઉત્તરાખંડથી એ મસ્તીભરી સખીએ ક્યાંક રૌદ્રરૂપ ધારણ કરી આંખો દેખાડી, તો ક્યાંક સાથેસાથે વિહાર કરાવ્યો. અલકનંદા, ભાગીરથી, મંદાકિની, શૈલપુત્રી બહેનોનો મિલાપ (સંગમ) રસ્તે કરતી ગઈ તેમ મને પણ સખીરૂપે સંગ આપ્યો. ક્યાંક થોડી વાર સંગાથ છૂટ્યો એ ખરો, પણ હવે તો હું પણ એને ક્યાં છોડતી હતી? એના જેવી જિદ્દી થઇ એની સાથે ને સાથે ચાલતી રહી. હવે તો ગંગા! તનેય મારી આદત લાગી ગઈ હશે ?

પણ હવે બસ! મારે તારો સાથ છોડવો જ રહ્યો. તું તો હવે તારા પ્રિયતમને મળવા-મિલન કરવા અધીરી થઈ જઈ રહી છે... અરે પગલી! ત્યાં તો તું એકલી જ શોભે! ત્યાં વળી સખીનો સાથ કેવો ? હા તને મળવા જરૂર આવીશ જ્યાં તારા અસ્તિત્વનું વિલીનીકરણ તું કરી રહી હોઇશ અને ગંગા ન રહેતા ગંગાસાગર બની ગઈ હોઈશ.

તારી પાસેથી ઘણુંઘણું શીખી. તારી જેમ મલિન છતાં નિર્મળભાવે મારે પણ આગળ ને આગળ વહેતાં રહેવું છે. હે સખી! તારાં દરેક સ્વરૂપો મારા માર્ગદર્શક બની ગયાં. ગામડાંઓ, શહેરો, પર્વતો, જંગલો, સંસ્કૃતિઓ એવું ન જાણે કેટકેટલું તેં જોયું જાણ્યું, નિહાળ્યું તેમ હું પણ ક્યાંક પોરો ખાતી ચાલતી રહી અવિરત. વહેતા રહેવું છે મારે પણ તારી જેમ આગળ ને આગળ... જ્યાં સુધી આ મૃત્યુલોકથી અલગ ન થાઉં ત્યાં સુધી! હે સખી! મારે હવે તારી વિદાય લેવી જ રહી. તારાં દરેક સ્વરૂપ મારા જીવનને નવું ભાથું આપતાં ગયાં છે. આ વિયોગ પણ દર્દભર્યો છે, પણ તારી યાદો સાથે છે. અલવિદા તો નહીં કહું, તું હૃદયસ્થ છે. વચન આપું છું, ફરી જરૂર મળીશ, પણ હમણાં તો તારી વિદાય લેવી જ પડશે.

નિર્મળ, પવિત્ર ગંગાનું જળ માથે ચડાવી, સહેલીનો હાથ છોડી, ભાવજગતમાં તરતી ફરી એકવાર હું કિનારે પાછી ફરી. ત્યાંના લોકો સાથે બેઠી, ભારે હૈયે ગંગાના રમણીય તટની વિદાય લઈ ઘરે આવી.

પ્રભુ દર્શન-પૂજા કર્યાં. રંગમંડપથી બહાર આવી કર્મચારીઓ સાથે વાત કરી રહી હતી કે મારી ટિકિટનું આરક્ષણ ન થાય તો મારે કેવી રીતે આગરા પહોંચવું? ત્યાં તો એક ભાઈ મારું નામ પૂછતાં સાઈકલ પર સામાન સાથે ત્યાં આવી ઊભા રહ્યા !

ક્રમશઃ

મો.: ૯૯૩૦૫ ૦૮૪૦૭

# જિંદગી અનુભવોનું પુસ્તક

શિલ્પા સમીર વોરા

આપણી જિંદગી એ અનુભવોનું પુસ્તક છે. કેટકેટલીય ઘટનાઓ આપણી સાથે ઘટી જતી હોય છે અને આપણાને બોધ આપી જતી હોય છે. બસ, આવો એક સુંદર કિસ્સો થયો હતો મારા પરિવાર સાથે, જેમાંથી મને પણ શીખવા મળ્યું.

મારા ઘરે ફૅમિલી ગેટ-ટુ-ગેધર હતું લગભગ સાંજના ૭.૦૦નો સમય હતો. ઘર મહેમાનોથી ભરેલું હતું. બહુ જ આનંદિત માહોલ હતો. દરવાજા પર ઘંટી વાગી, મેં દરવાજો ખોલ્યો, તો અમારા પારિવારિક મિત્ર જેઓ હીરાના વેપારી પણ હતા. તેમનું નામ વિપુલભાઈ.

વિપુલભાઈએ ઘરમાં પ્રવેશ કર્યો, તેમના હાવભાવ ચિંતાજનક લાગી રહ્યા હતા. તેમણે મારા પપ્પાને કહ્યું મને તમારી સાથે વાત કરવી છે અને પપ્પાની સાથે તેઓ અંદર રૂમમાં ગયા. પપ્પાએ પૂછ્યું વિપુલ ! બધું બરોબર છે ને ? ત્યારે વિપુલભાઈ બોલ્યા, ''નહીં.''

વાત એમ હતી કે બે દિવસ પહેલાં જ વિપુલભાઈ અમારા ઘરે આવેલા. મમ્મી-પપ્પાને દાગીના બનાવવા હતા, એટલે એમણે વિપુલભાઈને ઘરે બોલાવ્યા હતા. બધું નક્કી થઈ ગયા બાદ મમ્મીએ વિપુલભાઈને હીરાનું પૅકેટ આપ્યું.

દાગીના બનાવવા માટે વિપુલભાઈએ એ પૅકેટ એમના કારીગરને આપ્યું. થયું એવું કે કારીગર જે બિલ્ડિંગમાં રહેતો હતો એ બિલ્ડિંગ ધરાશાયી થઈ ગયું. નસીબે કારીગર બચી ગયો પણ હીરાનું એ પૅકેટ કાટમાળમાં ખોવાઈ ગયું. બસ આ જ સમાચાર લઈને વિપુલભાઈ ઘરે આવ્યા હતા. વાત કેમ શરૂ કરવી એ એમને સમજાતું ન હતું પણ વાત કરવી તો પડશે જ, એટલે વિપુલભાઈએ અમને આ સમાચાર આપ્યા.

આ વાત છે આજથી ૨૦ થી ૨૨ વર્ષ જૂની. ત્યારે હીરાની કિંમત ખૂબ જ વધુ હતી. એટલે વિપુલભાઈ બહુ જ ચિંતામાં હતા. પણ આ સમાચાર સાંભળ્યા પછી મારા પપ્પાનું રિઍક્શન એકદમ કૂલ હતું. એમણે જરા પણ ગુસ્સો ન કર્યો, ન હાઇપર થયા. એમણે વિપુલભાઈને ફક્ત એટલું જ કહ્યું ઠીક છે વિપુલ. નસીબમાં નહીં હોય તો ચાલ્યા ગયા એનું દુઃખ શું કરવું. વિપુલભાઈએ રાહતનો શ્વાસ લીધો.

ખરેખર એ પળને હું આજે પણ યાદ કરું છું તો નજર સમક્ષ એ આખું દૃશ્ય તરવરી ઊઠે છે. એક તરફ ઘરમાં મહેમાનો હતા તો બીજી તરફ આ સમાચાર, પણ મારા પપ્પા જે ઘરના મોભી કહેવાય.

તેમણે આ પરિસ્થિતિનો ખૂબ જ ધીરજતા સાથે શાંતતાપૂર્વક ટેકલ કરી. ન કોઈ જાતની ચિંતા કે ગુસ્સો તેમના મુખ ઉપર હતાં. ન લાખોના હીરા ગુમાવ્યાનું દુઃખ હતું. એકદમ નિશ્ચિંતમને તેઓ ફૅમિલી ગેટ-ટુ-ગેધરમાં પણ જોડાઈ ગયા. ત્યાં આવેલ કોઈ મહેમાનને આ વાતની ખબર પણ ન પડી અને અમારા ઘરનો પ્રસંગ પણ ખૂબ જ સુંદર રીતે સચવાઈ ગયો.

બે દિવસ પછી વિપુલભાઈનો ફોન આવ્યો અને એમણે જે સમાચાર આપ્યા એનાથી ઘરમાં ખુશીનું વાતાવરણ સર્જાઈ ગયું. એમણે પપ્પાને કહ્યું, એ બિલ્ડિંગના કાટમાળમાંથી હીરાનું પૅકેટ મળી ગયું છે. એ દિવસે મેં મારા પપ્પા પાસેથી અને આ ઘટનામાંથી બે વસ્તુ જરૂર શીખી. સૌથી પહેલા તો જે આપણું છે એ આપણું જ રહેવાનું છે. કોઈ એને નહીં લઈ શકે, અને જે આપણું નથી એ આપણી પાસે રહેશે પણ નહીં. ટૂંકમાં કહું તો જિંદગી બહુ નાની છે. જે મળ્યું છે એને ખુશીથી માણો. જે નથી એનું દુઃખ ન કરો.

એવું ન થાય કે જે નથી એને મેળવવાની ચાહમાં જે છે એને માણવાનું ચૂકી જઈએ.

બીજી વાત, પરિસ્થિતિ કેવી પણ હોય, અનુકૂળ કે પ્રતિકૂળ, દરેક પરિસ્થિતિમાં સમભાવી રહો. જેમ પ્રશ્ન હોય તો એનો ઉત્તર પણ હોય, તેમ દરેક પરિસ્થિતિનો ઉકેલ પણ હોય છે, ફક્ત જરૂર છે આપણને થોડી ધીરજતા દાખવવાની. અનુકૂળ સમય સાથે પ્રતિકૂળ પરિસ્થિતિઓ પણ ઉકેલાઈ જતી હોય છે.

આવા જ એક બીજા સુંદર અનુભવ સાથે પાછા મળીશું.

ગામ- ગેલડા
મો.: ૯૮૧૯૬૬૨૪૦૪

**પ્રિય વાચકો,**

આપના પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર માટે ત્રણ માધ્યમ :

**૧ પત્રવ્યવહાર**
પગદંડી, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
શ્રી ક.વી.ઓ. દેરાવાસી નવી મહાજન વાડી,
ત્રીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચિંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

**૨ ઈમેલ** - pagdandi@kvoss.org

**૩ વૉટ્સઍપ/સંદેશ**
(માત્ર પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર)
સંજય વિસનજી છેડા - ૯૮૯૨૮૧૫૩૬૭

- તંત્રી

# OUR DECLINING POPULATION - A CONCERN

Dr Hiren Sudha Sunderji Gala

Recently while going through our KVO Khabar Patrika, one article / ad caught my attention. The article was concerned about the current population of KVO community and over all the dwindling numbers of the years. The downfall in community members became more pronounced during times of covid.

The article whose concern was absolutely correct but one thing which I felt was not dealing completely & holistically with the issue was the only help provided was small financial assistance. We would need more than only monetary support to deal with this problem and for that we need to go into the detail analysis of this situation.

In past generations on an average a family would have 5 children, in some cases 8-9 children also. The high birth rate was because of early age of marriage, joint family structure, etc. Although birth rate was high in past so was death among children high sometimes during delivery & sometimes due to diseases like small pox taking lives of many children in village. Some children were crippled for life due disease like polio. Education was also less among the community.

Many of our grandparents & parents moved to cities especially to Mumbai in search of better opportunity to earn livelihood and settle the families, we eventually progressed as community. With the progress came education, better healthcare facilities slowly an average family had fewer children.

It has been seen across the world as community progresses the birth rate and number of children per family start coming down. Many developed countries like Japan, Germany, etc. are witnessing lower and lower number of children being produced.

As we are discussing education and subsequent progress made by our community, we proudly believe and follow quality of education to both boys and girls. Girls from our community are well-educated and many of them are graduates, post graduates and working professionals today. Many of these girls are at top of their professions. As boys and girls are getting education and then trying to settle in their respective careers the age of marriage is getting higher and higher. As the age increases, many couples after marriage face

problems with conceiving. Both females and males are facing problems related to infertility which has started to increase to stress, medical problems & other issues. Many doctors especially gynaecologists from our community can highlight many other factors causing infertility. This is one of the problems why the population is decreasing in our community.

These couples today want to conceive and complete the family but treatment for infertility is not cheap. Our community leaders can take help from gynaecologists from our community and set-up centre for infertility treatment which would be funded by donations raised from the community. I am sure all of us would know someone or the other who are taking treatment for the same. These couple can come to this centre and seek the treatment. The funds will cover the cost of treatment and also fees of the doctors will be covered from the same.

After the birth of the child, to raise a child in today's age and times is not easy. Often not much discussed, but a support structure including grandparents and other family members is needed to raise the child. Due to different reasons this support structure is not complete. This becomes even more difficult for parents to raise the child, if both father and mother are working to either to cover financial burdens or to progress in their respective careers. These couples need kind of community centres where a facility for baby-sitting is made available to them. Many of our different institutions like KVO community centres, other organisations of the community should come forward start these services.

With both parents working to meet financial ends, the females today are pressed against time. They have to take care of house, cooking &food and demanding jobs. One community understood this problem and started facility of community kitchens in different areas of the city. We have taken some inspiration and have started chouvihar houses. Travelling time from home and workplace in Mumbai as compared to other cities in more, only providing chouvihar facilities may not be sufficient. We need to increase the scope of service by increasing timings and also providing tiffin facilities. These community kitchens can also help other people from the community especially elders and senior citizens and also people who are staying alone.

Above mentioned factors are important reasons for declining population across community, but main reason is financial. Like the elephant in the room which everyone knows but needs larger discussion is cost of raising a child in today's times.

| | |
|---|---|
| | Per year expenses [ average ] |
| 3-17yrs – includes from nursery to higher secondary or 12th std | SSC board – Rs 1 lac / year<br>CBSE board – Rs 2 lac / year<br>ISCE board – Rs 3 lac / year<br>IB board – Rs 5 lac /year |
| Books & Stationary | Rs 30000 / year |
| Transportation | Rs 30000 – 50000 / year |
| Graduation course | Rs 1.5 to 3 lac / year |
| Engineering course | Rs 5 to 8 lac / year |
| Medical course | Rs 25 lac / year [ private ] |
| Extra-circular activities | Rs 25000 to 1 lac/ year |
| Sports [Professional] | Rs 1 lac to 2 lac / year |

In today's times, providing a good education to child is not at all cheap affair and on top of it yearly increment in expenses take toll on parents. If 20years ago yearly expense on child was average Rs 20000 including education and other needs, today even Rs 3 lac / year would just barely help manage the same.

Our fore-fathers who rated education very highly and made provisions in those times, today our community should come forward and make a education fund. The fund will give complete scholarships to outstanding students from the community. The fund also provide partial assistance to parents who seek assistance [ in form of interest free loans] to cover the school fees of the child. The parents who fall under low income category the fees for their children be directly paid to respective schools.

There would be many other factors for declining population in our community which needs to addressed after thorough analysis. We may be late, but corrective & appropriate measures can help tackle this issue. Our community has always been a visionary & forward thinking and this issue of population decline needs a future thinking, all-round and out of box approach. Promotion of adoption of orphan child is one such measure. These children who are raised under wings of Jainism, ethos and tradition of KVO community could become torch bearers of the future. Our community leaders should come forward and set example by adopting orphan child.

Giving a token & negligible financial assistance will not help increase the numbers in our community. The issue of population decline need to be taken head on and measures should be taken to address it otherwise we could become the next Parsi community – which is educated, progressive, affluent, financial strong but only 44000 left.

# સાહિત્ય-અમૃત

**આલેખન : ચંદ્રકાન્ત નંદુ**

સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે એ હેતુથી ટિપ્પણીઓ સાથે અત્રે આપવામાં આવેલ છે.

છાયાંકિત આકૃતિઓમાંનું લેખન 'આલેખક' દ્વારા કરાયેલ વિવરણ અને ટિપ્પણીઓ છે. છાયાંકિત આકૃતિઓ બહારનું લેખન મૂળ કૃતિની પ્રતિકૃતિ છે.

| | | |
|---|---|---|
| પુસ્તક | : | **રેવન્યૂ સ્ટૅમ્પ.**<br>**(અમૃતા પ્રીતમની આત્મકથા)**<br>**મૂળ હિન્દીમાં 'रसीदी टिकट'** |
| લેખિકા | : | **અમૃતા પ્રીતમ** |
| અનુવાદ | : | **જયા મહેતા** |
| પ્રકાશક | : | **અશોક પ્રકાશન, અમદાવાદ** |
| પ્રકાશન વર્ષ | : | **૧૯૮૦- પુનઃમુદ્રણ - ૧૯૮૩** |

એક વ્યક્તિ માટે જ્યારે આદર અને અહોભાવ હોય છે ત્યારે એ એની પ્રત્યેની ભક્તિમાં રૂપાંતરિત થતું હોય છે. અમૃતાનો સજ્જાદ પ્રત્યેનો પ્રેમ પણ આવી જ ભક્તિ હતી. સજ્જાદ પ્રત્યેની સંવેદનામાં કેવળ અને કેવળ પાવિત્ર્ય જ છે, પરંતુ રાજનીતિને આવા પવિત્ર સંબંધો સાથે ક્યાં કોઈ નિસ્બત હોય છે! રાજનૈતિક સ્થિતિને એમાં વિષમય ગંદકી સિવાય કશુંય નથી દેખાતું.

અમૃતાની કલમની અણીએ સજ્જાદ નિઃસંકોચપણે આવતો રહ્યો અને રાજનીતિની વાસ્તવિકતાથી દૂર અમૃતાએ રેડિયો અને ટેલિવિઝનની પ્રસ્તુતિમાં ફૈજ નદીમ અને સજ્જાદનો ઉલ્લેખ વારંવાર કર્યો. વાંકદેખા મીડિયાએ એનો મારીમચડીને દુષ્પ્રચાર કર્યો. પાકિસ્તાનનાં વર્તમાનપત્રોએ અમૃતા અને પાકિસ્તાનના કેટલાક બુદ્ધિજીવીઓને અપરાધી ઠેરવતાં એવો પ્રચાર કર્યો કે અમૃતા અને આ બુદ્ધિજીવીઓ પાકિસ્તાનના અસ્તિત્વથી દુઃખી છે. સજ્જાદે અમૃતાને લખ્યું કે એ રેડિયો-ટેલિવિઝન પર એનો નામોલ્લેખ કરવાનું ટાળે અને અમૃતા કહે છે:

આજે મારી ઊંડી ઉદાસીમાં એ જ કહી શકું છું: દોસ્ત! તમારું નામ પાછું હોઠ પર આવ્યું છે કારણકે તે વગર મારી સ્મૃતિઓ અધૂરી છે, પણ ઈશ્વર કરે તમારું કોઈ પણ રીતે કાંઈ અનિષ્ટ ન થાય અને તમારી પવિત્ર દોસ્તીને રાજનીતિની ગરમ હવા ન સ્પર્શે.

પાકિસ્તાનના આ દ્વેષપૂર્ણ વ્યવ્હારના પ્રતિસાદરૂપે દિલ્હી રેડિયોના એક્સટર્નલ સર્વિસિજ ડિવિઝને એક ગોષ્ઠિનું આયોજન કર્યું. આ સંવાદમાં અમૃતા, જામિયામિલિયાનાં પ્રિન્સિપાલ અને એક લેક્ચરર હતાં અને એ ત્રણેએ એ વાત સ્પષ્ટ કરી કે હિન્દુસ્તાનને પાકિસ્તાનના અસ્તિત્વ સામે કશીય ફરિયાદ નથી. ફરિયાદ ફક્ત એ છે કે બન્ને દેશો વચ્ચે દોસ્તીનો સંબંધ કેમ નથી ? અને અમૃતા કહે છે....

ખબર નથી એની અસર એ અખબારો પર થઈ કે નહીં, પણ અમે બધાંએ આનંદ અનુભવ્યો. સજ્જાદને આથી કંઈ આનંદ થયો કે નહીં એની ખબર નથી. આજે ફરી એ ઉચ્ચારી રહી છું કેવળ એટલા જ માટે કે સજ્જાદના દેશની રાજનીતિ મને શુભચિંતક જ સમજે, બીજું કાંઈ નહીં.

અહીં અમૃતાએ બન્ને તરફના લોકોની લાગણી અને ભાઈચારાના સંબંધોને વાચા આપી છે. હિંદુસ્તાનના વિભાજનથી સરહદના એ લોકોને કોઈ જ નિસ્બત ન હતી. જે હિંસા, અત્યાચાર ફેલાયાં, વિષનાં જે બીજ રોપાયાં એમાં રાજકારણીઓ-નેતાઓની હીન મનોદશા જ હતી. વ્યથા તો એ છે કે આજે સાતસાત દાયકાઓથી એ ઝેર વધુ ને વધુ તીવ્રતાથી એની કાતિલ અસર ફેલાવી રહ્યું છે.

અને અમૃતા ફરી દેશના વિભાજનની પહેલાંના સમયમાં લઈ જાય છે. લાહોરમાં વિતેલા એ દિવસોમાં અમૃતાના જીવનમાં કેટલીક વ્યક્તિઓ આવી અને કેટલીક ઘટનાઓએ કેવળ કટુતા ફેલાવવાનું જ કામ કર્યું.

પંજાબી સાહિત્યનું એક આદરણીય નામ છે પ્રસિદ્ધ કવિ મોહનસિંહજીનું. મોહનસિંહજી શાંત અને ગંભીર હતા. એમના વ્યક્તિત્વમાં શિષ્ટાચાર અને સભ્યતા વર્તાતાં. અમૃતાને મોહનસિંહજી માટે આદરભાવ હતો.

અને એક સાંજે મોહનસિંહજી મળવા આવ્યા. એમની સાથે લગભગ ડૉ. દીવાનસિંહ હતા. આગલે જ દિવસે મોહનસિંહજીએ એક કવિતા લખી હતી. એ કવિતાની સ્પષ્ટતા અને એનો ભાવ બેચેન કરનારો હતો, પરંતુ અમૃતા અને મોહનસિંહ-ઉભય પક્ષે ખામોશી જ હતી અને આ ખામોશી અકળાવનારી હતી. આ ખામોશીને કઈ રીતે તોડી શકાય! ઊભય પક્ષની આ ખામોશીની પોતાની એક આબરૂ હોય છે અને અમૃતા મનોમન વિચારે

છે કે એની ખામોશી એક ઉમદા વ્યક્તિને ભ્રમિત કરી રહી છે અને એક દિવસ મોહનસિંહજી સાથે ફારસીના વિદ્વાન કપૂરસિંહજી આવે છે. અમૃતાની ખામોશીમાં એક આદર હતો અને થોડી રુક્ષતા પણ. કપૂરસિંહજી વસ્તુસ્થિતિ કળી ગયા અને મોહનસિંહને કહ્યું: ''મોહનસિંહ! ડોન્ટ મિસ-અંડરસ્ટેન્ડ હર, શી ડઝ નોટ લવ યુ...'' અને આમ ખામેશી પીગળી ગઈ. ખચકાટ અનુભવતી અમૃતાએ સાહસ કરીને કહ્યું:

'મોહનસિંહજી, હું તમારી દોસ્ત છું. તમારો આદર કરું છું. તમારે બીજું શું જોઈએ છે!' બહુ સંકોચભર્યા શબ્દોમાં મેં આટલું કહ્યું અને મને લાગે છે કે એ પૂરતું હતું.

એ પછી મોહનસિંહે કોઈ એવી રચના ન કરી અને એમના વહેવારમાં પણ એવું કશું ન થયું જેથી અમૃતાની લાગણીને ઠેસ પહોંચે. અમૃતાના મોહનસિંહ પ્રત્યેના આદરમાં ક્યારેય કશોય ફરક નથી પડ્યો.

પંજાબના સાહિત્યજગતમાં અમૃતા સાથે આવી નાની મોટી ઘટનાઓ થતી રહી જેને અણદેખી કરવી જ પડે.

૧૯૪૭. દેશના ભાગલા પડ્યા. એક તરફ દેશ આઝાદ થાય છે અને બીજી તરફ વિભાજન પછી નવી ઊભી કરાયેલી સરહદના પ્રદેશમાં જે ભીષણ અત્યાચારો, હત્યાઓ થઈ એથી અમૃતા વિક્ષુબ્ધ થઈ ગઈ હતી. અમૃતા લખે છે....

પ્રાચીન ઇતિહાસમાં ભીષણ અત્યાચારી કાંડ આપણે ભલે વાંચ્યા હોય, પણ તોય આપણા દેશના ભાગલા વખતે જે કાંઈ થયું એના જેવો ખૂની કાંડ કોઈની કલ્પનામાં પણ નહીં આવી શકે. દુઃખોની વાતો કહીકહીને લોકો થાકી ગયા હતા, પણ આ વાતો જિંદગીની પહેલાં પૂરી થાય એવી નહોતી. લાશ જેવા લોકો જોયા હતા.

અમૃતા લાહોરથી દહેરાદૂન આવે છે. નોકરીની શોધમાં દહેરાદૂનથી દિલ્હી આવે છે. નીંદરે હવે અબોલા લીધા છે. દિલ્હીથી પાછી ફરી રહી હતી ત્યારે અમૃતાની મનઃસ્થિતિ વિંખાયેલી, પિંખાયેલી હતી. ગાડી ધપી રહી છે, અને...

ગાડીની બહાર ઘોર અંધારું સમયના ઇતિહાસના જેવું હતું. હવા એવી રીતે સુસવાતી હતી કે જાણે ઇતિહાસની લગોલગ બેસીને રડી રહી હોય. બહાર ઊંચાં ઊંચાં ઝાડ દુઃખોની જેમ ઊગેલાં હતાં. ક્યાંક ઝાડ નહોતાં, કેવળ વેરાન હતું અનો એ વેરાનના ટાપુ એવા પ્રતીત થતા હતા કે જાણે તે ટાપુ નહીં, કબરો હોય.

અમૃતાના મનમાં વારિસ શાહની કવિતા ઘુંટાઈ રહી હતી. વારિસ શાહ એમની કવિતામાં પંજાબની દીકરી હીરની વ્યથાને ગાઈ શક્યા. અમૃતા કહે છે:

વારિસ શાહ હીરના દુ:ખને ગાઈ શક્યા. આજે પંજાબની એક બેટી નહીં, લાખો બેટીઓ રડી રહી છે, આજે એમનાં દુ:ખને કોણ ગાશે ? અને મને વારિસ શાહ સિવાય બીજું કોઈ એવું ન જણાયું જેને સંબોધન કરીને હું આ વાત કહું.

અને અમૃતા ચાલતી ગાડીમાં કાંપતી કલમથી એક કવિતા લખે છે.....

આજે વારિસ શાહને કહું છું કબરમાંથી બોલો
અને પ્રેમની કિતાબનું કોઈ નવું પાનું ખોલો
પંજાબની એક દીકરી રડી હતી, તમે લાંબી કથા લખી
આજે લાખો દીકરીઓ રડી રહી છે, વારિસ શાહ! તમને કહી રહી છે:
હે દર્દભર્યાના દોસ્ત! તમારા પંજાબને જુઓ
વન લાશોથી છવાઈ ગયાં છે, ચિનાબ લોહીથી ભરાઈ ગઈ છે...

અમૃતાની કવિતા છપાઈ, પાકિસ્તાનમાં પણ પહોંચી. પાકિસ્તાનમાં ફૈજ અહમદ ફૈજના એક પુસ્તકની પ્રસ્તાવનામાં અહમદ નદીમ કાસમીએ લખ્યું કે લોકો આ કવિતાને સાથે રાખે છે, વાંચે છે અને રડે છે.

૧૯૭૨માં લંડનમાં બી.બી.સી.ના ખંડમાં પાકિસ્તાની શાયરા સહાબ કિજિલબાસ સાથે મુલાકાત થઈ.

સહાબના પ્રથમ ઉદ્‌ગાર હતા: ''અરે આ અમૃતા છે! જેમણે કવિતા લખી હતી 'વારિસ શાહ'... એમને તો હું ભેટીશ.

એક સાંજે એક મહેફિલમાં પાકિસ્તાનના ઘણા સાહિત્યકારો અને કવિઓ હતા. 'ઉદાસ નસ્લે'ના લેખક અબ્દુલા હુસેન સાથે પાકિસ્તાનના મશહૂર ગાયક નજાકત અલી સલામત અલી પણ હતા. રાતે કવિતાઓના દોર ચાલતા રહ્યા. પછી નજાકત અલીને કંઈક ગાવાનું કહેવામાં આવ્યું. એમની પાસે સાજ નહોતાં અને એમણે કહ્યું:

'મેં આજ સુધી સાજ વગર ક્યારેય નથી ગાયું'. પણ પછી તરત જ કહેવા લાગ્યાઃ ''જેણે વારિસ શાહ'' કવિતા લખી છે એને માટે આજે સાજ વગર પણ ગાઈશ'' અને તે રાત નજાકત અલીના સુરીલા અવાજથી ભીંજાઈ ગઈ.

પાકિસ્તાનના એક સાહિત્યકાર દિલ્હી એક કાર્યક્રમમાં આવેલા એમણે કહ્યું. છેલ્લાં કેટલાંક વર્ષોથી મુલ્તાનમાં 'જસ્ને વારિસ શાહ' ઉજવાય છે. અમૃતા કહે છેઃ

આ સમારંભનો પ્રારંભ મારી એ નજમ 'વારિસ શાહ'થી કરવામાં આવે છે. ૧૦૦x૮૦ ફૂટના સ્ટેજ ઉપર સેટ તૈયાર કરવામાં આવે છે જ્યાં રાંઝાનું વન પણ હોય છે અને હીરનો મુકામ પણ અને એ નજમ લગભગ પચીસ મિનિટ ગાવામાં આવે છે. સ્ટેજ પર ગાઢ અંધારું કરીને રોશનીથી ધુમાડા દેખાય છે. પછી વારિસ શાહ કબરમાંથી ઊઠે છે... પાકિસ્તાનના મશહૂર ગવૈયા એકએક કડી ગાય છે અને તેમને અનુસરીને સ્ટેજનાં દૃશ્યો બદલાતાં રહે છે અને જ્યારે નજમનો છેવટનો ભાગ આવે છે. ત્યારે એવું ગુંજન નિર્માણ કરે છે કે જાણે સમગ્ર સૃષ્ટિમાં પ્રેમ અને પવિત્રતા જાગી ઊઠ્યાં હોય...

પરંતુ વિડંબના તો જુઓ, અમૃતાએ આ કવિતા લખી હતી ત્યારે પંજાબના કેટલાંય પત્ર - પત્રિકાઓએ અમૃતાને અપરાધી ઠેરવી. આ પત્રોમાં અમૃતા પર તહોમતોની વર્ષા થતી હતી.

શીખોનું તહોમત હતું કે આ કવિતા 'વારિસ શાહ'ને સંબોધીને કેમ લખવામાં આવી? ગુરુ નાનકને સંબોધીને કેમ ન લખી? સામ્યવાદીઓની ફરિયાદ હતી કે આ કવિતાનું સંબોધન લેનિન કે સ્ટાલિનને સંબોધીને હોવું જોઈતું હતું.

આ કેવી માનસિકતા? વારિસ શાહ - સંત જેવા કવિના નામે પણ રાજકારણ રમાય છે! એ સમયના બન્ને દેશોના લોકો વચ્ચેનો ભાઈચારો, પરસ્પરના સંબંધો આજે ઇતિહાસ બની ચૂક્યા છે. કટ્ટરવાદીઓ અને રાજકારણીઓએ ફેલાવેલાં વૈમનસ્ય, ધિક્કાર અને દુશ્મનાવટની ભભૂકતી આગ ક્યારે શાંત થશે ? શું અહીં ક્યારેય મૈત્રી અને ભાઈચારાના મધુર સંબંધોનું ઉપવન ખીલશે ?

હવે પછી : ક્યાંક નફરત, ક્યાંક સંવેદના

ફોન : ૯૩૨૩૫૪૧૩૫૧

# સાથ

રાજુલ પિયૂષ દેઢિયા

ટૂંકી માંદગી પછી રમોલાની આંખો કાયમને માટે મીંચાઈ ગઈ અને દિલીપના પગ તળે જમીન સરકી ગઈ. જાણે એનું અડધું અંગ ખોટું પડી ગયું.

અંતિમ વિધિ માટે થોડી વારમાં નજીકના સગાં વ્હાલાં, વડીલો સૌ આવી ગયાં. દિલીપે હજી ગયા વર્ષે ચાળીસી વટાવી હતી. એટલે દિલીપના કાકાએ રમોલાના ભાઈ અને મામાને એક બાજુ ખૂણામાં બોલાવ્યા. એમની વચ્ચે ધીમા સ્વરે વાતચીત થઈ રહી હતી, પણ દિલીપને અણસાર આવી ગયો. એ ગુસ્સામાં બોલી ઊઠ્યો. 'હું ઘરે નહીં બેસું'

